Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧૬ એપ્રિલ ૨૦૨૧
અંક : ૦૮
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-


ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

## અનુક્રમ


- **પ્રકાશ ન. શાહ** ૨
  બાંગલા સુવર્ણ જયંતી અને આપણે
- **આરાધના ભટ્ટ - વિપુલ કલ્યાણી** ૩
  રજત રાણે 'ઓપિનિયન' અંગે
- **પંચમ શુક્લ** ૪
  ભડવીર ભાઉ
- **સલિલ ત્રિપાઠી** ૫
  પત્રકારત્વની દશા અને દિશા (બહુઆયામી માધ્યમો - સ્વતંત્રતા, સ્વચ્છંદતા, સંમોહન અને દમન)
- **કેતન રુપેરા** ૭
  એક ગુજરાતી, દેશ અનેક
- **બીરેન કોઠારી** ૧૧
  સદ્‌ગત કિશન ગોરડિયા
- **ઉત્તમ પરમાર** ૧૨
  સદ્‌ગત અરવિંદ દેસાઈ
- **રમેશ સવાણી** ૧૩
  રક્ષક જ ભક્ષક અને સંરક્ષક મૂકબધિર
- **ડંકેશ ઓઝા** ૧૪
  'જાહેર બૌદ્ધિક' કોને રે કહીશું?
- **ઉમેશ સોલંકી** ૧૪
  અડધું અને અડધું
- **શિલ્પા ભટ્ટ દેસાઈ** ૧૬
  ત્યારે લખીશું શું?


**રજત રાણે 'ઓપિનિયન'**
**પૃષ્ઠ ૦૩ થી ૧૦**

## પડખાં ફેરવતી રાત અને ચિત્કાર પાડતા દિવસો

**ગુજરાત** હાઈકોર્ટે સુઓ મોટો હાથ ધરેલી સુનાવણી દરમિયાન સરકાર તરફથી 'બધું બરાબર છે' અગર તો 'ગોઠવાઈ ગયું છે' તરેહની રજૂઆત સામે આવી પડેલી ટિપ્પણી એ હતી કે આ રાજમાં બધું 'ભગવાન ભરોસે' છે. ખરું જોતાં, કેમ કે આ ભાજપની સરકાર છે અને એનો ખાસ ઇતિહાસ છે, 'રામભરોસે' જેવો સચોટ પ્રયોગ સંબંધિત સૌએ કદાચ કશાક મલાજાવશ ટાળ્યો છે.

આ અગ્રનોંધ લખાઈ રહી છે ત્યારે (૧૩મી એપ્રિલના સવારનાં છાપાં પ્રમાણે) છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના ૬૦૨૧ નવા કેસ નોંધાયા છે અને સાજા થવાનો દર (રિકવરી રેટ) એક તબક્કે સો ટકા નજીકનો હતો તે નેવું ટકાની નીચે ઊતરતો માલૂમ પડ્યો છે. આનો અર્થ સાફ છે, રાજ્ય સરકાર નવી લહેરના આગોતરા અંદાજ મુજબનું આયોજન કરવાની કલ્પકતા દાખવી શકી નથી.

એક વરસ કરતાં વધુ સમયથી આપણે જે અનુભવમાંથી પસાર થઈ રહ્યા છીએ તે કેવો છે? મોહન પરમારની 'કાલપાશ' એ નવલકથાનો ઉપાડ ટાંકીને કહું તો "રાત પડખાં ફરી રહી છે ને દિવસ ચિત્કાર પાડી રહ્યો છે. મારી અમદાવાદ નગરીનાં રૂપરંગ અદલબદલ થયાં કરે છે. કૂતરું મોટેથી ભસીને પછી ટૂંટિયું વાળી બેસી જાય તેમ અમદાવાદ શહેરનો ભભકો હોલવાઈ રહ્યો છે. અનેક મહામારી અને હાડમારીઓએ એની કેડ ભાંગી નાંખી છે, છતાં વારંવાર એ બેઠું થયું છે. પણ આવી બેહૂદી હાલત તો અમદાવાદની ક્યારેય થઈ નહોતી." પડખાં ફેરવતી રાત અને ચિત્કાર પાડતા દિવસોનું આ ચિત્ર અમદાવાદનું જ નહીં ગુજરાત અને દેશસમસ્તનું છે, દુનિયાભરનું છે. માત્ર, આપણે આપણી ચર્ચા ગુજરાત અને અંશતઃ ભારત પૂરતી સીમિત રાખીને ચાલીશું. રાજ્ય અને કેન્દ્રમાં એક જ પક્ષની સરકાર છે અને નેતૃત્વ પાછું ઠેઠ ગુજરાતી છે, માટે.

સુઓ મોટો સુનાવણી દરમિયાન રાજ્યના એડ્‌વોકેટ જનરલે બીજાં રાજ્યોનો હવાલો આપી ગુજરાતના કાર્યદેખાવને ઉજાસમાં ઉપસાવવાની કોશિશ કરી ત્યારે હાઈકોર્ટે વાજબી રીતે જ દરમિયાન થતાં ઠીક ટિપ્પણી કરી કે આપણે ગુજરાતમાં છીએ. ગુજરાતની વાત કરો. વાત પણ સાચી કે રાજ્ય સરકાર અને સંબંધિત એજન્સીએ સત્તાવાર રીતે હાથ ઊંચા કરી દીધાં ત્યારે સુરતથી પક્ષપ્રમુખ સી.આર. પટેલે હુંકારઓડકાર ખાધો હતો કે મારી પાસે ખાસાં પાંચ હજાર નંગ છે. પોતાની સરકાર પરત્વે પક્ષપ્રમુખની આ તુંથી-હું-ચડિયાતા-શાઈ (અપમેનશિપ) મુદ્રા વિશે શું કહેવું. એમના સ્રોત વિશે મીડિયાએ ગાંધીનગરને પૃચ્છા કરી તો મુખ્યમંત્રી પાસે શો ઉત્તર હોય, સિવાય કે પૂછો પાટીલને.

શું પૂછવું પાટીલસાહેબને, એ પ્રદેશપ્રમુખ નિયુક્ત થયા ત્યારે એમના સામૈયા ને ઉછામણીનો - સૉરી જનસંપર્કનો - જે દોર ચાલ્યો એની અને 'દો ગજ કી દૂરી, માસ્ક જરૂરી' એ સૂત્ર વચ્ચે છત્રીસનો સંબંધ હતો. હમણે પ. બંગાળમાં જે સામસામા રેલી દાખડા ચાલે છે એ જેમ બીજી સઘળી આચારસંહિતાને તેમ કોરોના કારિકાને કોરાણે મેલીને જ ચાલી રહ્યા છે ને.

ગમે તેમ પણ, ગુજરાતના સંદર્ભમાં તો કોરોનાની તવારીખ 'નમસ્તે ટ્રમ્પ'થી શરૂ કરી હમણે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખેલાયેલ મેચ જેવા સીમાસ્થંભે સોહે છે. મરકઝ, મરકઝના મહાધ્વનિ વચ્ચે 'નમસ્તે ટ્રમ્પ' લોકનજરેથી ઓઝલ થઈ ગયેલી ઘટના હતી. જોકે, પછીના અદાલતી ચુકાદાઓએ કોરોના-પ્રસારમાં મરકઝની અગ્રભૂમિકાના આક્ષેપ તળેથી પાયો ખેસવી લીધો હતો પણ પ્રચાર તો જે થઈ ગયો તે થઈ ગયો. ગયે વરસે મરકઝ દિવસોમાં અર્ણબ ગોસ્વામી જે બધું બોલતા હતા એ જ આ દિવસોમાં કોઈકે હરદ્વારની કુંભ-ભીડના વીડિયોમાં એમના જ અવાજમાં વહેતું મૂક્યું છે. અલબત્ત, અર્ણબના ધન્યોદ્‌ગારો મરકઝ બાબતે હતા, કુંભ-ભીડ બાબતે નથી.

*અનુ. પૃ. ૧૪*

# બાંગલા સુવર્ણ જયંતી અને આપણે / પ્રકાશ ન. શાહ

**બાંગલાદેશની** સ્વાધીનતાની સુવર્ણજયંતી અને બંગબંધુ શેખ મજિબૂર રહેમાનની શતાબ્દીનો અવસર કેવળ ભારતીય ઉપખંડ સારુ જ નહીં વિશ્વમાનવતાની દૃષ્ટિએ સુધ્ધાં એક સીમાઘટના છે , અને એમાં પણ ભારતે ભજવેલ મુક્તિભૂમિકાની રીતે આપણે માટે એની સાથે ભાવાત્મક સંધાન સવિશેષ હોય તે સ્વાભાવિક છે.એટલે શેખ હસીનાના વિશેષ નિમંત્રણથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એમાં સત્તાવાર સહભાગી ન કરાયા હોત તો એ અજુગતું જ લેખાત. આપણા વડાપ્રધાનનું સામેલ થવું યોગ્ય જ થયું , એમ કહેવું તે વાસ્તવકથન માત્ર છે.

બાંગલા સ્વાધીનતાની સુવર્ણજયંતીએ આપણે પક્ષે હરખ અને સ્વરાજચિંતન બંને સહજ હતાં અને છે. જોકે વડાપ્રધાન મોદીએ એમની અવસરસહજ ઉલટથી બાંગલા મુક્તિસંગ્રામની પોતાની સહભાગિતા અધોરેખિત ઢબે બોલી બતાવી એણે મિશ્ર પ્રતિભાવો સહિતનાં ટીકાટિપ્પણ પ્રેર્યાં હોઈ એ સંદર્ભમાં ઘટતી નુકતેચીનીને અવશ્ય અવકાશ છે. એને વિશે સહેજસાજ બે શબ્દો કહી આપણે એક જ ઉપખંડના યથાસંભવ હમવતનીને ધોરણે વ્યાપક સહવિચારમાં જવું પસંદ કરીએ તે ઈષ્ટ લેખાશે.

'સંઘર્ષમાં ગુજરાત' એ પુસ્તકની આરંભિક આવૃત્તિને પાછલે પૂંઠે બાંગલા મુક્તિ સત્યાગ્રહમાં સામેલ થઈ તિહારમાં જેલ (અલબત્ત પ્રતીકાત્મક સંકેત રૂપ) વહોરવાની જિકર નવી આવૃત્તિમાં નથી એવી ટીકા (અને મૂળ વિગત બાબતે પ્રશ્નાર્થ) સાંભળવા મળે છે. પણ એને વજન આપવાપણું હોય તો એટલું જ છે કે નવી આવૃત્તિ વખતે એ વાત એટલી અગત્યની નહીં જણાઈ હોય; પરંતુ વખતનાં વાજાં વખતે વાગે એ ન્યાયે ઢાકાની સરજમીં પર સુવર્ણગાનના હિસ્સા તરીકે એનું મહત્ત્વ ઢેકો કાઢે એ પણ સહજ છે. બાકી, મોદી ગુજરાતના મુખ્યમંત્રી થયા તે પછી એમની સત્તાવાર વેબસાઈટ પરના હુલાવેલાફુલાવેલા પરિચયદાવા અને જાહેર ટીકા પછી એમાં થયેલી સુધારચેષ્ટા હવે ઈતિહાસવસ્તુ છે તે છે.

પણ તિહાર જેલમાં પ્રતીકવાસ લગી લઈ ગયેલ સત્યાગ્રહ વિશે થોડું સમજી લેવું જરૂરી છે. ઈંદિરા ગાંધી વડાપ્રધાન તરીકે બાંગલા સ્વાધીનતા સંગ્રામની તરફે વધુ સક્રિય બને એવી માંગ સાથેનો એ 'સત્યાગ્રહ' હતો. તે ઉપરાંત એમાં જેમ પાકિસ્તાન સરકારની કુચેષ્ટાનો વિરોધ નિહિત હતો તેમ એટલો જ બોલકો વિરોધ ઈંદિરા ગાંધીની સરકારે સોવિયત રશિયા સાથે જે મૈત્રી સંધિ કરી એનો પણ હતો. બાંગલા પ્રશ્ને અમેરિકા અને બીજાંની પાકતરફી રુખનો રાજનયિક ઉત્તર ઈંદિરાજીએ આ સંધિ રૂપે શોધ્યો હતો. જનસંઘે ત્યારે એ વિશે જે પણ કહ્યું હોય, જનતા અવતારમાં તેમ પહેલી એનડીએ સરકારમાં અને આજની તારીખે રશિયા સાથેનો આ સંબંધ બરકરાર છે અને નરેન્દ્ર મોદીનાં સત્તાવાર ઉદ્‌ગારોમાં પણ યથાપ્રસંગ આ મૈત્રી છલકતી માલૂમ પડે છે.

જ્યાં સુધી વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ (એટલે કે ભારત સરકારે) બાંગલા સ્વાધીનતા સંગ્રામની તરફે વહેલી સક્રિયતા દાખવવાનો સવાલ છે, એમણે એ બાબતમાં લશ્કરી વડા સાથે મંત્રણાપૂર્વક ચોક્કસ સમયપત્રક નક્કી કર્યું હતું અને એ મુજબ આગળ વધ્યાં હતાં. માણેકશાએ સૂચવેલ સમયપત્રકની યથાર્થતા ફતેહ સાથે અંકિત થયેલી છે. લશ્કરી કારવાઈ વહેલી હાથ ધરાઈ હોત તો પૂર્વ બંગાળમાં જાનહાની અને મહિલા રંજાડ ઓછાં થયાં હોત એવી ટીકાને અવશ્ય અવકાશ છે, પણ કોને ખબર મામલો ફતેહને બદલે 'ડ્રો'માં યે પરિણમયો હોત. ગમે તેમ પણ , માણેકશાએ જે મુદત પાડી એનો ઈંદિરા ગાંધીએ સંબંધિત વિશ્વસત્તાઓને સમજાવવામાં ઉપયોગ કર્યો.

વિશ્વભરમાં લોકમત ઘડતરની એવી જ એક બળુકી કોશિશ એ ગાળામાં કરનાર એક શખ્સિયત તે જયપ્રકાશ નારાયણ હતા. બાંગલાદેશની સુવર્ણજયંતીને અવસરે એમનું સ્મરણ આ ઉપખંડના એકંદર મુક્તિસંઘર્ષની રીતે તેમ વિશ્વમાનવતાના વ્યાપક સંદર્ભમાં લાજિમ છે. કૉંગ્રેસની જે બેઠકમાં ગાંધીજીએ વિભાજન નહીં સ્વીકારવાની છેલવેલ્લી વાત કરી તેમાં એમની તરફેણમાં જે અણુમતી અવાજો ઊઠયા તે જેપી, લોહિયા, બાદશાહ ખાન એમ ગણ્યાગાઠયા હતા. ભાગલા પડીને જ રહ્યા તે પછી પણ ભારત-પાક સમજૂતી માટેની ગેરસરકારી કોશિશમાં જેપી હંમેશ સક્રિય રહ્યા.ઉર્દૂ અને બંગાળીના મુદ્દે, પૂર્વ બંગાળ (પાકિસ્તાન) પર કરાચી-

*અનુ. પૃ. ૧૫*

**✻ 'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**

**✻ લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/-**
**(વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-**

**✻ વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.**

**✻ સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)**

✻ બ્લોગ : nirikshakgujaratipakshik.wordpress.com

**તંત્રી : પ્રકાશ ન. શાહ -** E-mail : editor.nireekshak@gmail.com

**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com

**સંપાદક : કેતન રુપેરા -** E-mail : ketan.nireekshak@gmail.com

| લવાજમ ભરવા માટે સરનામાં | | જા.ખ.ના દર |
|---|---|---|
| અમદાવાદ | ● **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ | આવરણ-૪ |
| | ● **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ | રૂ. ૪૦૦૦/- |
| | ● **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ | આવરણ-૩ |
| | ● **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ | રૂ. ૩૦૦૦/- |
| | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ | અંદરનું આખું પાનું |
| આણંદ | ● **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ | રૂ. ૨૦૦૦/- |
| પાટણ | ● **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ | અંદરનું અડધું પાનું |
| ભાવનગર | ● **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ | રૂ. ૧૦૦૦/- |
| મહેસાણા | ● **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ | સેન્ટર સ્પ્રેડ |
| | ● **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ | રૂ. ૪૦૦૦/- |
| મુંબઈ | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ | પુસ્તકોની જા.ખ. |
| સુરત | ● **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ | અડધા દરે |

# રજત રાણે ઓપિનિયન અંગે / આરાધના ભટ્ટ - વિપુલ કલ્યાણી

**આરાધના ભટ્ટ :** ડાયસ્પોરાનું મહામૂલું ઘરેણું 'ઓપિનિયન' રજત પડાવે પહોંચ્યું છે એ બદલ સૌપ્રથમ અભિનંદન આપું છું.

**વિપુલ કલ્યાણી :** તમારાં અભિનંદન માથે ચડાવું છું. એનો એક આનંદ પણ છે, છેવટે તો આ આપણો સહિયારો અવસર છે ને હું તો કેટલા બધા સહભાગી લોકોને ચારે તરફ જોઉં છું અને માત્ર ગુજરાત કે ભારત નહીં, જગતમાં અનેક જગ્યાએ પથરાયેલા આપણા સાથી મિત્રો છે, અને એટલે જ આ અવસર સર્વસમાવેશક બને એવી એક ગણતરી મનમાં રહી છે. કોઈ પૂછે કે શા માટે રજત રાણ, તે પહેલાં મને એનો જવાબ દેવાનું મન થાય છે.એમાં એવું છે કે રજતને પચીસ વર્ષની વાત સાથે સાંકળું, અને રાણનું બહુ સરસ મજાનું વૃક્ષ આવતું અને એ રાયણનાં મીઠાં, મજેદાર ફળ. તો એને છાંયડે બેસીને એક પડાવ કર્યો છે. એવો પડાવ આ 'ઓપિનિયન'નો છે. એના રજત પડાવે જે મહિનાભરના દર શનિવાર અને રવિવારે કાર્યક્રમો યોજાયા એની પાછળ મારા કરતાં વધુ ઉત્સાહી મારા ત્રણ મિત્રો છે. મારે એમને ત્રણેને સલામ કરવી જોઈએ. એક છે અશોક કરણિયા, જે અમદાવાદમાં છે, બીજા છે ડૉ. પંચમ શુક્લ જે અહીં છે અને અમારી ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામંત્રી છે, અને ત્રીજા છે નીરજભાઈ શાહ. આ ત્રણ મિત્રોએ મન મૂકીને આ કાર્યક્રમની તૈયારી જે રીતે કરી એ જોઈને હું તાજ્જુબ થઈ જાઉં છું અને મને થાય છે કે યુવાનીને જો આપણે સરખી રીતે પોષતા હોઈએ તો એ આપણને ઉજાગર કરે એવું કામ આપી શકે એમ છે.

**આ.ભ.:** હવે'ઓપિનિયન'ની શરૂઆત ક્યારે, કેવી રીતે થઈ એની ભૂમિકા સમજાવશો? તમે કહો છો કે 'ઓપિનિયન' એ એક વિશેષણ છે.

**વિ.ક.:** એમાં છેવટે તો પેલું વેદનું સૂત્ર, **'સં ગચ્છધ્વં સં વદધ્વં સં વો મનાંસિ જાનતામ'** છે. મૂળ તો એ છે કે ચારે તરફ ફેલાયેલા આપણી જમાતના માણસો, એમને અડતા-નડતા સવાલોને વાચા આપતા સમ-સામયિકો ક્યાંક તૂટ્યાં, ક્યાંક ઓછાં પડ્યાં, કોઈક પોતાના વાતાવરણમાં રહ્યાં. એટલે થયું કે આવું એક પ્લેટફોર્મ ઊભું કર્યું હોય તો? અને એ આધારે ૧૯૯૫માં આ થયું. અને એ થવામાં મારે બે વ્યક્તિઓને તો ખૂબ યાદ કરવા જોઈએ. એની પાછળ બધી જ રીતે, પછીતે રહીને બહુ મોટો ભોગ જો કોઈકે આપ્યો હોય તો તે કુંજે આપ્યો છે.એણે જે રીતે કામ કર્યું, એ લેખો જુવે-વાંચે, ટીકા પણ કરે, સમજણ પણ આપે, કારણ કે એનું વાંચન મારા કરતાં પણ અગાધ અને સમજણવાળું છે. એક તરફ એ છે અને બીજા મારા મિત્ર રમણભાઈ ડી. પટેલ. એ માણસે આંખ મીચીને 'ઓપિનિયન'ને ઉભું કરવા માટે તન-મન-ધનથી એની પાછળ જે જહેમત ઉઠાવી છે… આવો મિત્ર મળવો આજે મુશ્કેલ. આ બંનેને યાદ કરીને મને સ્મરણ સાથે કહેવાનું મન થાય કે એ બંને ન હોય તો ઘણું બધું કદાચ ન પણ થઈ શકે. ગુજરાતી ડાયસ્પોરાનું પાટનગર લંડન હોય એમ અમે માનીએ છીએ. એટલે આપણા ગુજરાતી ડાયસ્પોરાના જે પ્રશ્નો છે એના વિવિધ મુદ્દાઓની રજૂઆત કરવા માટેના લેખો, કાવ્યો વગેરે બધું જ આપી શકાયું છે, અને એને આધારે કેટકેટલાં પુસ્તકો થયાં છે. એમાં પહેલું પુસ્તક તો જામનગરવાળા ડૉ. પ્રફુલ દવેનું પુસ્તક હતું. એમણે દેશ-પરદેશમાં જે નાના-મોટા લોકો ગાંધીવિચારને આધારે મજબૂત કામ કરી રહ્યા છે એની ઝાંખી આપતી લેખમાળા આપેલી, એ પુસ્તક થયું. અને પછી તો કેટકેટલાં પુસ્તકો થયાં. એમાં આ ડાહ્યાભાઈવાળું છેલ્લું પુસ્તક થયું. અને હજુ બીજાં સાત-આઠ પુસ્તકો થાય એવી શક્યતા છે. એમાં દીપક બારડોલીકરનાં બે આત્મકથાત્મક પુસ્તકો, 'સાંકળોની સિતમ' અને'ઉછાળા ખાય છે પાણી' એ બે પુસ્તકો તમે જુવો ત્યારે તમને થાય કે આ સંસ્મરણોનાં પુસ્તકો ગુજરાતી સાહિત્યનાં મજબૂત પુસ્તકો બની શક્યાં છે.

**આ.ભ.:** મોટી સિદ્ધિ કહેવાય વિપુલભાઈ, એને માટે અભિનંદન શબ્દ ઓછો પડે એમ છે. મને'ઓપિનિયન' નામ વિષે પ્રશ્ન થાય છે. આ નામ કેમ પસંદ કર્યું? ગાંધીજીના'ઓપિનિયન'ને અનુસરીને?

**વિ.ક.:** ના, એ એક કારણ છે. પણ એમાં 'ઓપિનિયન'નો જે અર્થ થાય છે એને માટે આપણે શબ્દો બોલીએ છીએ 'મત', 'વિચાર' વગેરે. એ બધા શબ્દો ભેગા કરીએ તો પણ ઓપિનિયન શબ્દમાં એનો અર્થ બેસતો નથી એવું મને લાગે છે. એ એક એવો શબ્દ છે જેનો અર્થ એક શબ્દમાં બાંધી શકાય એમ નથી. એ બહુ જ વિશાળ શબ્દ છે. એ એક ભૂમિકા સામે હતી, બીજી તરફ મહાત્મા ગાંધીનું 'ઇન્ડિયન ઓપિનિયન' તો ખરું જ, પણ અમારા ટાન્ઝાનિયાના ઝાંઝીબારમાં વર્ષો પહેલાં 'જંગબાર ઓપિનિયન' શરૂ કરેલું. અને હું વિલ્સન કૉલેજમાં મુંબઈ ભણતો ત્યારે ત્યાં એડી ગોરવાલા નામના એક આઈ.સી.એસ ઓફિસર હતા. એ નિવૃત્ત થયા પછી એમણે 'ઓપિનિયન' નામની પત્રિકા બહાર પડેલી. એ પોતે બહાર નીકળીને લોકોને વહેંચતા, એ મેં જોયેલું. એમાં જે વિચારો મૂકતા, એ મુખ્ય પ્રવાહનાં છાપાંઓ અને સામયિકો પણ લેતાં ડરે એવી સામગ્રી હતી. એટલે આ ત્રણનો એકીસાથે પ્રભાવ આમાં વર્તાય એવું એક ચિત્ર સતત મારા મનમાં રહ્યું છે.

**આ.ભ.:** પછી સમય સાથે એના સ્વરૂપમાં ઘણા ફેરફારો થયા અને એ દરમ્યાન તમે ઘણા સંઘર્ષો પણ સહ્યા હશે.

**વિ.ક.:** હા, શરૂઆતનાં પંદર વર્ષ તો એ મુદ્રિત સ્વરૂપે આવતું, પછીનાં ત્રણ વર્ષ ડિજિટલ સ્વરૂપે પીડીએફમાં આવતું, અને એ પછીનાં બાકીનાં વર્ષોમાં તો એ સંપૂર્ણપણે વેબસાઈટ ઉપર ગયું છે. અને હવે તો રોજેરોજ કંઈક નવી સામગ્રી એની વેબસાઈટ ઉપર મૂકાતી આવે છે. અત્યારે તમે પાનું ખોલીને જોશો તો ૭૩ લાખ, ૬૩ હજારથી વધુ એની હીટ થઈ છે, મારે મન આ નાની સંખ્યા નથી. એના વાચકો માત્ર યુનાઈટેડ કિંગ્ડમ અને ભારતમાં નથી, પણ નાના નાના દેશોમાં પણ એના વાચકો છે. પાકિસ્તાનના મિત્રો પણ 'ઓપિનિયન' જોતા હોય છે… અને સંઘર્ષો તો પુષ્કળ. સૌથી પહેલાં તો લવાજમ ભરવું પડે. પણ એ તો કેટલાક મિત્રોએ સાચવી લીધા છે. સાથે સાડા ત્રણસો પ્રત છપાય નહીં એવી એની પરિસ્થિતિ, એનો ખર્ચ પાછળનાં વર્ષોમાં તો એટલો બધો હતો કે એની આવકમાંથી તો કશું મળતું જ નહોતું. એટલે એ તો સહન કરવાનું જ હતું. આપણે જે નાની-મોટી પ્રવૃત્તિઓ કરીએ છીએ એમાં આ સંઘર્ષ આપણને ઘણાને લાગે. આમ કહેવાય આપણા ગુજરાતીઓ પાસે છનાછન છે, પણ આવી પ્રવૃત્તિઓનું એમાં કોઈ સ્થાન નથી.જાત મહેનત ઝિંદાબાદ સિવાય આપણી પાસેએનોકોઈ જવાબ જ નથી.

**આ.ભ.:** સંપાદનની પ્રક્રિયા પણ કઠિન છે અને ઘણો સમય માંગી લે એવી છે, આટલી બધી વાંચન સામગ્રી 'ઓપિનિયન'ની વેબસાઈટ પર મૂકાય છે,એ બધું કઈ રીતે થાય છે?

**વિ.ક.:** સામાન્ય રીતે જે તે વાક્યરચના, વ્યાકરણ અને જોડણી તપાસીને,

સુધારીને, મને જે સમજાય તે રીતે એને જવા દઉં છું. વખત લાગે છે. અંગ્રેજીનો વિભાગ છે, ગુજરાતી છે, ક્યારેક હિંદી લેખો પણ આવે છે. એટલે આ બધું જોતાં કામ વધી પણ જતું હોય છે, પણ થાય છે. અત્યાર સુધી થયા કર્યું છે, કેટલું લાંબુ ચાલશે એ મને બહુ ખબર નથી. પણ એ શરૂ કર્યું ત્યારે કુંજની દસ વર્ષની મર્યાદા હતી, મારી પંદર વર્ષની હતી, એ વધીને આજે પચીસે પહોંચાયું છે. આ છવીસમું વર્ષ છે એટલે મને ખબર નથી કે હવે કેટલું લાંબુ ખેંચી શકાશે. ક્યારેક એવું થાય કે મારે જે લેખ લખવા હોય, જે લખાણ કરવું હોય એને માટે પણ મને પૂરતો સમય જોઈએ છે. એટલે મારે ક્યાંક તાલમેલ કરવો પડે એવું લાગે છે.

**આ.ભ.:** એનો વાચકવર્ગ દૂનિયાભરમાં ફેલાયેલો છે, છતાં આજે એવું કહેવાય છે કે આપણી ભાષાના ભાષકો અને વાચકોની સંખ્યા ઘટતી જાય છે. આ સંદર્ભે તમારો અનુભવ શું કહે છે?




'ઓપિનિયન'ના આ ત્રણે અવતારોમાં તંત્રી/સંપાદક વિપુલ કલ્યાણી સતત કાર્યશીલ રહ્યા છે અને દુનિયાના દરેક ખૂણામાંથી આવતા લેખો, કથાવસ્તુ કેન્દ્રિત પોતીકી સામગ્રી પ્રકાશિત કરતા રહ્યા છે. વિપુલભાઈના ૪૦-૫૦ વર્ષની પત્રકારત્વની મજલમાં, કહો કે પત્રકારનો ધર્મ અને ધૂનમાં – સંખ્યાબંધ મિત્રો-વાચકો-લેખકો સાથે અત્યારની પેઢીના માત્ર 'ફેઇસબુકિયા મિત્રો' જ નહીં, પણ અંતરંગ મિત્રો સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ સંબંધોનું સાતત્ય વિપુલભાઈએ જાળવી રાખ્યું છે. પ્રખર રોમન વક્તા અને વિચારક સિસેરો અને અંગ્રેજ નિબંધકાર-લેખક ફ્રાન્સિસ બેકનના મૈત્રીધર્મ પરના મંતવ્યો વિપુલભાઈએ જાણે કે રગેરગમાં પચાવ્યા છે !

**– ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી**

[તા. ૨૫મીએ લોકાર્પિત થનારા પુસ્તક *એક ગુજરાતી, દેશ અનેક*ના પ્રકરણ 'મૈત્રી તે ઔષધ'માંથી]

**વિ.ક.:** મને લાગે છે કે આ આખો મુદ્દો એક વાયકા, અથવા myth સમાન છે. આપણે આપણા કુંડાળાની બહાર નીકળતાં નથી.આપણા કુંડાળાની બહાર નીકળીએ તો મને લાગે છે કે વાચકવર્ગ તો છે જ. પણ એ વાચક વર્ગ સુધી આપણે પહોંચી શકીએ છીએ? અને એ કામ કરવા માટે આપણે કોની પાસેથી મિસાલ લઈ શકીએ? કોનો દાખલો લઈએ? તો મને તો ગાંધી સિવાય કોઈ માણસ દેખાતું જ નથી. એ જે રીતે સમાજના છેવાડાના લોકો સુધી જઈ શકે છે,એવું આપણે આપણી પ્રવૃત્તિ માટે કરીએ તો આપણી એક પણ પ્રવૃત્તિ તૂટે નહીં આવું મને લાગ્યા કરે છે. પણ વાચક તો છે જ, નહીં તો 'ઓપિનિયન'ને આટલી બધી હિટ્સ ક્યાંથીઆવે?

**આ.ભ.:** તમે તો કહી દીધું કે આ ક્યાં સુધી ચાલશે એ ખબર નથી, પણ મારા મનમાં તો એ પ્રશ્ન હતો કે આવી રહેલાં પચીસ વર્ષમાં 'ઓપિનિયન'ની દિશા વિષે તમે શું વિચાર્યું છે? હું આ પૂછું તે પહેલાં તો તમે પૂર્ણવિરામ મૂકી દીધું.

**વિ.ક.:** ના, મેં પૂર્ણવિરામ નથી મૂક્યું, મેં અલ્પવિરામ મૂક્યું છે. એ બધું સ્વાસ્થ્ય ઉપર, પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે. એવું બની શકે કે એનું સંચાલન કરે, એને જાળવી શકે એવું કોઈક યુવાન માણસ જડી આવે. બીજું તો આપણે શું કરી શકીએ? જેમ વ્યક્તિનું મરણ તમે રોકી શકતા નથી એમ સંસ્થાનું, કે આવી એક ચળવળનું કે આવા એક કાર્યનું પણ ક્યાંક મરણ થાય તો એ તદ્દન સ્વાભાવિક વાત છે, કુદરતી વાત છે. એવું પણ બને કે આવતી કાલે એમાંથી જ કંઈક નવું પણ ઊભું થાય. પણ રગશિયા ગાડાની માફક ખેંચ્યા કરવાનો પણ કંઈ અર્થ નથી.

**આ.ભ.:** વિપુલભાઈ, આપણે જ્યારે આવી કોઈક પ્રવૃત્તિ કરીએ ત્યારે આપણે એને ઘણું આપતાં હોઈએ છીએ, આપણો જીવ એમાં રેડીએ છીએ. પણ સામે આપણે કંઈક પામીએ પણ છીએ. અંગતપણે તમે આ કાર્યમાંથી શું પામો છો અથવા શું પામ્યા છો?

**વિ.ક.:** આનંદ, કંઈક સારું કામ કર્યાનો આપણને સંતોષ મળે છે અને એનો આંનદ. અને એ આનંદ જ આપણને જીવાડે છે.બીજું, એને કારણે કેટકેટલા મિત્રો મળ્યા છે, કેટલા સારા મિત્રો મળ્યા છે અને એ મિત્રોએ ખૂબ પ્રેમ આપ્યો છે. એથી વધારે તો શું કહું?

### ભડવીર ભાઉ / પંચમ શુક્લ

ભાઈઓ, બહેનો; હું છું ભાઉ,
શૂળીનો ઘા સોયથી ટાળું.
ઝરૂખડેથી રૂપાળીની,
નેહ નીતરતી નજરું ન્યાળું...
છપ્પનની છાતીનું બખ્તર,
હું પહેરું, સૌને પહેરાવું.
એકે હજારો સમરાંગણમાં,
ઢીમ ઉપર બસ ઢીમ જ ઢાળું.
ભલે વાયરા વલખાં મારે,
પવનસૂત થઈ હું પથરાઉં.
ભારેલો અગ્નિ લઈ ચાલું,
તમે કહો ત્યાં 'તે/તા' પ્રગટાવું.

૧૩/૪/૨૦૨૧

## બહુઆયામી માધ્યમો - સ્વતંત્રતા, સ્વચ્છંદતા, સંમોહન અને દમન[1] / સલિલ ત્રિપાઠી

**૧૯૭૩માં** મારો સૌથી પહેલો લેખ છપાયો હતો, જ્યારે મારી ઉંમર હતી અગિયાર વર્ષની. એ વખતે 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' 'ઇંદ્રજાળ કૉમિક્સ' છાપતું હતું. મને તે બહુ ગમતું - મહાબલિ વેતાલ અને ગુરન અને ડાયના; મેન્ડ્રેક, લોથર અને નારદા, અને ફલેશ ગોર્ડન, ડેલ, અને ઝાર્કોવ - એ બધાંની દુનિયામાં હું ગળાડૂબ હતો. એક દિવસ એમાં છેલ્લે પાને મેં એક લેખ વાંચ્યો - ગ્લોરિયસ ટ્રેલ - જેમાં ક્રિકેટ ખેલાડી રણજી પર એક નાનો અમથો નિબંધ હતો. મેં વાંચ્યો અને એમાં મેં બે ભૂલ જોઈ. મેં મારી મમ્મીને કહ્યું, ''આવું તો હું ય લખી શકું અને તે પણ એક્કેય ભૂલ વગર.''

મારી મમ્મી સંસ્કૃત કહેવતો બોલવાવાળી, એટલે એણે તો 'શુભસ્ય શીઘ્રમ્' નિયમ પ્રમાણે મને કહ્યું - ચાલ, લખવા માંડ.

અને મેં પડ્યો બોલ ઝીલી લીધો, અને અંગ્રેજીમાં લેખ લખ્યો, સર ડોનાલ્ડ બ્રેડમેન વિષે. અને મારા પપ્પાએ એને ફટાફટ ટાઈપ કરી આપ્યો અને અમે 'ટાઈમ્સ'માં મોકલ્યો. પપ્પાને બહુ મન હતું કે આ લેખની નીચે મારી ઉંમર લખે પણ મમ્મીએ ચોખ્ખી ના પાડી - 'એ લોકો વાંચશે જ નહિ અને વાંચશે તો માનશે જ નહિ - અને છેવટે નહિ છાપે,' એણે કહ્યું.

બે અઠવાડિયાં પછી, આખરે લેખ છપાયો - હું ખૂબ ખુશ થયો - પરીક્ષામાં પહેલો આવ્યો, એવું લાગ્યું. એ પછી મારી મમ્મી મને ટાઈમ્સને દફતરે લઈ ગઈ અને ત્યાંના ઇંદ્રજાળના તંત્રી સાથે મારું ઓળખાણ કરાવ્યું. તંત્રીસાહેબને બહુ જ નવાઈ લાગી. મને ચા અને બિસ્કિટ આપ્યાં, અને કહ્યું, બેટા, લખતો રહેજે.

અને મારી કલમ ચાલવા મંડી.

હું મુંબઈની ગુજરાતી માધ્યમની જૂની અને જાણીતી ન્યુ ઇરા સ્કૂલમાં ભણ્યો હતો, અને એ દરમ્યાન બીજા બે-ચાર લેખ લખ્યા - 'જન્મભૂમિ પ્રવાસી'માં બાલપૂર્તિમાં ટાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ જુલિયસ ન્યેરેરે વિષે, 'ફ્રી પ્રેસ બુલેટિન'માં અંગ્રેજીમાં અમારા સમાજવિજ્ઞાન શિબિર વિષે, અને એકાદ-બે વિજ્ઞાનના વિષયો પર, જ્યારે મને વિજયગુપ્ત મૌર્ય અને ધીરુબહેન પટેલ તરફથી પ્રોત્સાહન મળ્યું. સ્કૂલમાં મારા મિત્ર કાર્તિકેય ભગત સાથે એક ભીંતપત્ર ચાલુ કર્યું - જેનું નામ અમે આપ્યું 'પ્રત્યંચા' - એ સમયે સુરેશ જોશી, સિતાંશુ યશશ્ચન્દ્ર અને ગુલામ મોહમ્મદ શેખનાં કાવ્ય અમે વાંચતા અને એમની જેમ લખવાની ઘેલછા હતી. પછી સિડ્નહૅમ કોલેજમાં ત્યાંનું વિદ્યાર્થી મેગેઝીન ત્રણ વર્ષ ચલાવ્યું અને વાર્ષિક સામયિકના એડિટર તરીકે નિમાયો. એક પત્રકારત્વનો મહોત્સવ પણ ઉજવ્યો, જ્યાં ડોમ મોરાઇસ, વિનોદ મેહતા, ડેરિલ ડીમૉન્ટે અને શોભા દે એ સૌને નિમંત્રિત કર્યાં. અઠવાડિયા પછી હું શોભાને મળવા ગયો, અને મેં કહ્યું કે મારે તો એમના મેગેઝીનમાં લખવું છે.

'શું લખીશ તું?' એમણે મને પૂછ્યું.

મેં કહ્યું એક નવી ગુજરાતી ફિલ્મ આવી છે, શું હું એના દિગ્દર્શકની મુલાકાત લઈ શકું?

ફિલ્મનું નામ હતું 'ભવની ભવાઈ', અને દિગ્દર્શક હતા કેતન મહેતા.

શોભા યુવાન પેઢીને પ્રોત્સાહન આપવામાં માને.

અને મારો દાવ ચાલુ થયો; હજુ નૉટ આઉટ છું.

આજે આપણે મળ્યા છીએ પત્રકારત્વ વિષે વાતો કરવા. તો પહેલો પ્રશ્ન એ ઊભો થાય છે કે પત્રકારત્વ એટલે શું.

આ વિષય પર મારો એક પૂર્વગ્રહ છે, જે ચોખવટ સારી - પત્રકારત્વ એટલે પત્ર પર લખાય તે - કાગળ અને પેન્સિલ - સહી અને પોથી - નાનું અમથું નોટપેડ અને બૉલપોઈન્ટ પેન. આ છે પત્રકારત્વનાં શસ્ત્ર. એમાં કોઈ વીડિયો કેમેરાની વાત નથી કે નથી એનું કોઈ સ્થાન. નથી જરૂર કોઈ સૂત્રધારની કે નથી કોઈ છટાદાર વાકચાતુર્યથી પ્રભાવ કરવા તત્પર ભૂખ્યા અભિનેતાની.

પણ જો આપણે આજે પ્રશ્ન પૂછીએ કે આજે ભારતના જાણીતા પત્રકાર કોણ, તો તરત નામ યાદ આવે અર્ણબ ગોસ્વામી, રાજદીપ સરદેસાઈ, બરખા દત્ત, કરણ થાપર, રવીશ કુમાર, રજત શર્મા કે રાહુલ કંવલ, નાવિકા કુમાર, અથવા રાહુલ શિવશંકર - આજે એ બધાં વિખ્યાત થયાં છે કારણ કે એ સંધ્યા ટાણે આપણે ઘરે વગર આમંત્રણે આવી પડે છે અને ક્યારેક તો ગજબનો ઘોંઘાટ મચાવી દે છે. લૉકડાઉનને લીધે એકલતા વધે ખરી, પણ એ વિષમ સમયે મનોરંજન તો કોઈ આપે? પણ આ બધા નીકળ્યા ટેલિવિઝનના સિતારા; એમાં તમને એ પત્રકારનાં નામ ન મળે કે જે વર્તમાનપત્ર કે સામયિકોમાં લખે - જેમ કે નેહા દીક્ષિત, સમર હલર્ણકર, સુપ્રિયા શર્મા, રઘુ કર્નાડ, મીના બઘેલ, સુચેતા દલાલ, રાણા અયુબ, રાહુલ ભાટિયા, સુમંત સુબ્રમણ્યમ, નિરંજન તાકલે પ. આ બધા ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટર નીકળ્યા - અને એ પત્રકારોને ઊથલપાથલ કરી સત્યની શોધ કરવી ગમે કારણ કે ક્યાંક, ક્યારેક, કોઈક સત્ય છુપાવી રહ્યું છે.

જે પત્રકારત્વમાં મને રસ છે, જે મને સમજાય છે, એ પત્રકારત્વ હંમેશ શાંતિપૂર્વક વાતાવરણમાં થાય છે; એ લખવા જરૂર હોય છે એક ઓરડી, એક મેજ, એક કલમ, અને કાગળની - અને એ એકાંતમાં વિચારવિમર્શ થતો હોય છે અને સ્વાનુકૂળ રીતે વાચક અને લેખક વચ્ચે એક મનોમન સંવાદ રચાય છે.

ઘણાને એ પ્રશ્ન થતો હશે કે પત્રકાર બનવું હોય તો કઈ લાક્ષણિકતા આવશ્યક છે? તો સૌથી પહેલી જરૂરી છે જિજ્ઞાસા - બીજું, નવું જાણવાની ઉત્સુકતા - અને એક પ્રકારની નમ્રતા - કે આપણને બધું ખબર નથી હોતું, એટલે જ સવાલ પેદા થાય છે, અને એટલે જ એના ઉત્તરની ખોજમાં આપણે પડીએ છીએ. અને ઊંડાણ અને મૂળ સુધી પહોંચવાની ધગશ - કે વાર્તા લઈ જવી ત્યાં સુધી, જ્યાં સુધી ઘટના આપણને લઈ જાય - એમાં કોઈ મરીમસાલો ભભરાવવો નહિ, કોઈ સનસનાટી ઉપજાવવી નહિ, અને વાચકની બુદ્ધિ અને સમજશક્તિનું અપમાન ન કરવું.

અને એ વાચક કોણ? તો એ વાચક એ, કે જે હકીકત સમજવા ઉત્સુક છે, જેની પાસે સંપૂર્ણ માહિતી નથી, પણ સમજદાર છે, અને એને બધી સામગ્રી આપો તો એ જ પોતાની મેળે સત્ય શોધી શકશે.

લગભગ ૧૯૮૮માં 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ને દોઢસો વર્ષ પૂરાં થયાં.

૧. 'રજતરાણ પડાવે ઓપિનિયન' અવસરે, રવિવાર, ૦૪ ઍપ્રિલ ૨૦૨૧ના દિવસે યોજાયેલા અવકાશી પરિસંવાદમાંની લેખિત રજૂઆત

અને એ વખતે 'ટાઈમ્સ'ના માલિક જૈન કુટુંબને બ્રહ્મજ્ઞાન થયું કે એમનો ધંધો સમાચાર વિતરણનો નથી પણ જાહેરાત વેચવાનો છે. ઘણાં વર્ષો પહેલાં એક અંગ્રેજ માલિકે - (હું માનું છું તેમ લોર્ડ થોમ્સને) - કહ્યું હતું કે 'ન્યુઝ ઇઝ ધ સ્ટફ બિટ્વિન ધી એડ્સ' - સમાચાર એ તો જાહેરાતો વચ્ચેની જગ્યા પૂરવા માટેનો મસાલો - કે કચરો - છે. એનો અર્થ કે છાપાં છાપવાનો ઉદ્દેશ તો જાહેરાતો છાપી કમાણી કરવાનો છે. અને એ તો જોવા મળ્યું જ - આજકાલ તો મુખપૃષ્ઠ વેચાઈ ગયું છે. જાહેરાતો સાપની માફક શબ્દો અને ફકરાઓ વચ્ચેથી રસ્તો શોધી સરકવા માંડી છે અને પ્રાઈવેટ ટ્રીટીને બહાને જાહેરાત અને હકીકત વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ ગઈ છે. જો દિખતા હૈ વો બિકતા હૈ ને બદલે જો બિકતા હૈ વો હી હમ લીખતા હૈ - એવું થઇ ગયું છે.

ભ્રષ્ટાચાર પણ વધ્યો - પત્રકારો ધમકી આપી પૈસાની ઉઘરાણી કરવા મંડ્યા, કેટલાક પત્રકારો બેફિકર ભેટ લેવા માંડ્યા. મને યાદ છે ૧૯૮૮માં હું મુંબઈમાં 'ઇન્ડિયા ટુડે'નો પત્રકાર હતો, અને તાજમહાલ હોટલમાં એક પ્રેસ કૉન્ફરન્સમાં ગયો હતો - ઓલ ઇન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર એસોસિયેશન તરફથી કૉન્ફરન્સ હતી. જ્યારે કોન્ફરન્સ પતી અને હું નીકળતો હતો ત્યારે એક અધિકારીએ મને ભેટ આપી - એક ભૂરા રંગની બાલદી. મેં કહ્યું કે અમે ભેટ ન લઈએ - તો એ ભાઈ તો મારી પાછળ પડ્યા અને હું જલદીથી દાદર ઊતરતો હતો અને એ મારી પાછળ દોડતા હતા.

વળી એક વાર એ જ હોટલમાં વિજય માલ્યાની એક કોન્ફરન્સ હતી જેમાં નીકળતી વખતે એક સુંદર યુવતીએ મને એક બેગ આપી - બેગમાં હતી એક વીસ્કીની બાટલી.

મને સિંગલ મૉલ્ટ તો ભાવે ઘણી, પણ મફતમાં ન લેવાય, એટલે મેં ના પાડી.

વિજય માલ્યાએ પહેલી આંગળીથી ઈશારો કરી મને બોલાવ્યો - કેમ, એક બાટલી ઓછી છે?

મેં કહ્યું ના, તમે મને કોન્ફરન્સ માં બોલાવ્યો તે ઘણું સારું પણ મારાથી આવી ભેટ ન લેવાય.

તો માલ્યાએ એમના સાથીદારને પૂછ્યું - આ કોણ છે?

એમણે માલ્યા સાહેબને કહ્યું - એ 'ઇન્ડિયા ટુડે'ના છે; એમણે કહ્યું, એમને જવા દો.

એક રમૂજી ટુચકો યાદ આવે છે - એક વાર કોઈકે તમિળ સામાયિક 'તુઘલક'ના તંત્રી ચો રામાસ્વામીને કહ્યું કે પત્રકારો તો આરામથી ખરીદી શકાય - બે બાટલી આપો એટલે તમે કહો તે લખવા તૈયાર હોય છે.

તો ચો સાહેબે કહ્યું - ના, ના, કેટલાક પત્રકાર તો એક બાટલીમાં પણ તમારા સૂરનું ગીત ગાઈ શકે છે!

ચો વ્યંગ માટે વિખ્યાત હતા, અને એમના મંતવ્યમાં અતિશયોક્તિ ખરી, પણ સત્ય પણ ખરું.

આવી પરિસ્થિતિમાં પોતાની સત્યનિષ્ઠા અને પ્રામાણિકતા જાળવવી એ જ આજનો પડકાર છે. આપણે ઝીલવો જ રહ્યો, તો જ આપણે વાચકોનો વિશ્વાસ પ્રાપ્ત કરી શકીશું.

આજે જે અધોગતિ થઇ છે એ વાત સાંભળીને દુઃખ તો થાય જ. પત્રકારો શેરબજારની ટીપ મેળવવા ભૂખ્યા હોય છે, સરકાર પાસેથી જમીન મેળવવા ઊંચાનીચા થતા હોય છે, રાજ્યસભામાં પદ મેળવવા તરસ્યા હોય છે, પદ્મ પુરસ્કારની લાલચમાં બેસે છે, અને વડાપ્રધાન સાથે સેલ્ફી પડાવવા માટે બેબાકળા થઇ કૂદાકૂદ કરે છે, અને જો મોદીસાહેબની મુલાકાત લેવાનો મોકો મળે તો આવા અગત્યના સવાલો પૂછે છેઃ

તમે ફકીર છો?

કેરી કેવી રીતે ખાવ છો, કાપીને કે ચૂસીને?

તમારામાં આટલી શક્તિ ક્યાંથી?

ખેર, દોસ્તી બની રહે, એટલે નામ નથી લેતો કોઈનાં પણ.

મારે હિસાબે આજે પત્રકારત્વનું સ્તર નીચું ગયું છે એનાં ઘણાં કારણ છે -

એક, કે સત્ય અને અસત્યની છેદરેખા ભૂંસાઈ રહી છે. જે દંતકથાઓ લોકો એક બીજાને કાનમાં છાનીમાની કહેતા એ આજે twitter અને whatsapp પર ઠેર ઠેર પ્રસરે છે. અને એને અવગણવાને બદલે ટેલિવિઝન અને છાપાંઓ એને છંછેડ્યા કરે છે અને નવા વાયરા આપી એનું સમર્થન કરે છે.

વર્તમાનપત્ર અને સામયિક પર ભરોસો એટલો ઘટી ગયો છે કે લોકો જે નથી છપાતું એને સાચું માને છે, અને એટલે તંત્રીઓ પણ અફવાઓને છપાવા દે છે પણ ફેક ન્યુઝ અને ન્યુઝનો ફરક એટલો ઘટી ગયો છે કે જ્યારે વાચકને કોઈ સમાચાર ન ગમે તો એને ફેક ન્યુઝ કહી દે છે. એમ નહિ કે આ સમાચાર સાથે હું સહમત નથી, પણ આ સમાચાર ખોટા છે - એનો અર્થ કે વાચક હવે એ જ વાત સાચી માને છે જે એના પૂર્વગ્રહને મળતી હોય. હકીકત અને અભિપ્રાય વચ્ચેનો ફરક ભૂંસાઈ ગયો છે. એટલે જ લોકો કોરોના વાઈરસ બાબત ડૉક્ટર કરતા whatsappની માહિતીને માનવા તૈયાર છે, આરતી કરે છે, હળદર અને ચ્યવનપ્રાશ ખાય છે, પણ મોં પર બુકાની નથી પહેરતા અને હકડેઠઠ ભીડ હોય ત્યાં બેફિકર જાય છે.

બીજું, કે નિઃસ્વાર્થી અને નિષ્પક્ષ પત્રકારત્વ ભુલાઈ ગયું છે. પત્રકારો પોતાને ત્રિરંગામાં લપેટી દેશપ્રેમને નામે ઘોંઘાટ કરી રહ્યા છે. કોઈ ભારતના સૈનિક સરહદ પર દેશની રક્ષા કરતા મૃત્યુ પામે એ દુઃખદ ઘટના છે, અને એ સૈનિકના ત્યાગ અને કુરબાની વિષે તંત્રીસ્થાનેથી કરુણપ્રશસ્તિ લખાય એનો વાંધો નહિ - પણ સમાચારનાં પાનાંમાં એને શહીદ કે braveheart કહેવું એ લાગણીવેડાનું પ્રદર્શન કહેવાય - અમુક ખબરપત્રીઓ એ જ સૈનિકનું પાર્થિવ શરીર ઘરે પહોંચે ત્યારે નિઃસંકોચે શરમ વગર એના પિતાને કે એની બહેન કે પત્નીને સવાલો પૂછે - આપ કો કૈસા લગા, કે પાકિસ્તાન કો અબ મોદીજી કો ક્યા કરના ચાહિયે?

સંવેદનશીલતા ક્યાં જતી રહી?

ત્રીજું, પાકિસ્તાન સાથે કોઈ પણ છમકલું થાય કે ભારતીય પત્રકારો ફ્લેકજૅકેટ અને fatigues પહેરી પોતાને સૈનિક માની શોરબકોર કરવા માંડે છે. એ ઘડીએ આકરા અને જટિલ પ્રશ્ન પૂછવાનું અઘરું પડી જાય છે. જ્યારે વર્તમાનપત્ર દેશપ્રેમ સાથે વીંટળાઈ જાય ત્યારે કપરા સવાલ પૂછવાનું મુશ્કેલ બને અને ખોટી સર્વાનુમતી ઊભી થાય - તો પછી ત્યારે ''રાજાએ કપડાં પહેર્યા જ નથી,'' એવું નિખાલસપણે કોણ બુલંદ અવાજે કહેશે?

જ્યારે વર્તમાનપત્રો પ્રગટ થવા મંડ્યા ત્યારે તંત્રીઓ પ્રત્યેક અભિપ્રાય છાપતા - એટલા માટે નહિ કે એમને સ્વાતંત્ર્ય કે તટસ્થતા વહાલી હતી, પણ એટલા માટે કે એમને દરેક પ્રકારના વાચકને આકર્ષવો હતો. અને જો દરેક વાચકને આકર્ષવો હોય તો દરેક અભિપ્રાય પ્રચલિત થવા દેવા જોઈએ.

પણ એક વખત માર્કેટિંગ ગુરુઓ આવીને સેગ્મેન્ટેશન - એટલે કે બજારનું વિભાજન - જેવા શબ્દ બોલવા મંડ્યા ત્યારે માલિકો અને અમુક તંત્રીઓ માટે તો ભાવતું'તું ને વૈદે કહ્યું, એવું થયું. તટસ્થતા એમણે ફંગોળી દીધી અને પૂર્વગ્રહ અને લક્ષ્મી તરફ પગપાળા પ્રવાસ શરૂ કર્યો અને તેમણે સરકારની ચાપલુસી કરવા માંડી. હકીકતને બદલે મંતવ્ય, અને broadcastingને narrowcasting થવા માંડ્યું અને ઇન્ટરનેટના પ્રવાહને કારણે આ પ્રકારનું વિભાજન ખૂબ સહેલું થઇ ગયું.

ચોથું કારણ છે પ્રજાના મતને ઘડવો, એને વળાંક આપવો, influence કરવો, એમાં એક ઢાળ આપવો, એને ઘાટ આપવો, લોકોને લલચાવવા, આ પ્રકારની તરકીબો તેમણે અજમાવા માંડી - ઈંગ્લેન્ડમાં Brexit, અમેરિકામાં Trump, ભારતમાં વૉટ્સએપ ફોરવર્ડ, મ્યાંમારમાં ખૂનામરકી - આ બધી ઘટનાઓ પાછળ ઑનલાઇન ઝુંબેશનો ફાળો ઘણો, અને એને કારણે વાસ્તવિકતા પર અસર થઇ. જેનું પરિણામ કોઈ કોઈ જગ્યાએ હિંસા અને લોહીની નદીઓ. એમાં પત્રકારોની જવાબદારી તો ખરી જ.

પત્રકારોએ આજે સહભાગી થવાની જરૂર નથી, પણ નિષ્પક્ષ રીતે નિરીક્ષણ કરી વાચકને પૂરતી માહિતી આપવી એ તો એમની ફરજ છે, જેથી વાચક સરખો નિર્ણય લઇ શકે. ટૂંકમાં, પત્રકારે અણસાર આપવાનો છે, અને વાચકે બિંદુઓ જોડી ચિત્ર સમજવાનું છે. પણ આજે એ વાતમાં પત્રકારો નિષ્ફળ રહ્યા છે - પોતે દેશપ્રેમી છે, આતંકવાદનો વિરોધ કરે છે, સરકારનું સમર્થન કરે છે, એમને એવો ભ્રમ થઇ ગયો છે કે પોતે ફોન કરે તો મંત્રીઓ એમનું મંતવ્ય જાણવા તત્પર હોય છે: અને પોતાના જ પ્રચારને તેઓ પોતે સાચો માની રહ્યા છે.

જ્યારે અર્ણબ ગોસ્વામી કેદમાંથી રિહા થયા, અને જેને લીધે કારણ વગર બિચારી રિહાની ધરપકડ થઇ, ત્યારે જે તમાશો થયો હતો એ જોઈને કોઈ પણ પ્રામાણિક પત્રકારને શરમ આવે.

એક જૂનો નિયમ છે કે પત્રકારે એવી રીતે નિષ્ઠાપૂર્વક પોતાનું કર્મ નિભાવવું રહ્યું કે એ પોતે કોઈ દિવસ કોઈ પણ અહેવાલનો વિષય ન બને. પણ આજકાલના ટેલિવિઝનના ઍંકર તો પોતાને જ નેતા માની બેઠા છે!

પાંચમું કારણ અભિમાન - 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના એક તંત્રીએ એક વખત કહ્યું હતું કે ભારતમાં પ્રધાનમંત્રી પછી સૌથી મહત્ત્વનો હોદ્દો એમનો છે. એવું ઘમંડ જોઈને દુઃખ તો થાય, પણ દયા પણ આવે. આજે તો કદાચ કહેવું પડે કે અર્ણબ જેવા ઍંકરનો હોદ્દો ભારતના પહેલા પાંચ હોદ્દામાંનો એક ગણાય - બીજા ચાર કયા? મારે મતે તો મોદી સાહેબ, જે કોઈ હોદ્દો અમિત શાહનો હોય તે, મૂકેશ અંબાણી, અને કદાચ વિરાટ કોહલી.

અર્ણબ એની ચેનલ પર એકપક્ષીય કાર્યકર્મ રચે છે, પોતાના મહેમાનો સામે ઘૂરકી ઘૂરકીને જુએ છે અને ઘાંટા પાડી બધાને ચૂપ કરી દે છે - પોલીસ પણ એ જ, ઇન્વેસ્ટિગેટિવ એજન્સી પણ એ જ, ફરિયાદી વકીલ પણ એ જ, અને ન્યાયાધીશ પણ એ જ અને ચુકાદો પણ આપે એ જ. અને આ બધાને જ કારણે આજે લોકોની પત્રકારત્વ પરથી વિશ્વસનીયતા ઘટી ગઈ છે.

છઠ્ઠું કારણ એ કે છાપાના માલિકોએ ખર્ચ ઓછો કરવાની નીતિ અપનાવી અને એટલી કઠોર કરી દીધી, કે ખબરપત્રીઓ ઘટાડયા અને પેટા-સંપાદકો, એટલે કે સબ એડિટર અથવા કૉપી એડિટર, જે ખબરપત્રીઓને પ્રશ્નો પૂછે અને એમના અહેવાલમાં ખૂટતી માહિતી શોધે, અથવા ખબરપત્રી પાસે વધારે મહેનત કરાવે, એ બધાને નોકરીમાંથી બરતરફ કરી દીધા. અને એટલે જ હવે એક નવો ગૃહ ઉદ્યોગ શરૂ થયો છે - fact-checking અથવા હકીકત તપાસણી - જ્યાં ખબરપત્રી બરોબર કામ કરતા હોય અને ઉપ-સંપાદકો તીક્ષ્ણ નજરે અહેવાલ પર ધ્યાન આપે ત્યાં આવી તપાસણીની શી જરૂર? પણ જ્યારે ન્યૂઝરૂમ જર્જરિત અને કંગાળ થઇ ગયો હોય ત્યારે આવા જ હાલ થાય ને?

'मैं आज़ाद हूं ફિલ્મમાં જાવેદ અખ્તરે લખ્યું જ છે કે જ્યારે એક માલિક તંત્રીને એક પ્રકારનો અહેવાલ લખવાનું કહે છે, અને તંત્રી પત્રકારના અહેવાલમાં ફેરફાર કરવાની ના પાડે છે, અને માલિક એને કાઢી મૂકે છે, ત્યારે તંત્રી કહે છે - સાહેબ, આપણા દેશમાં પોસ્ટ ઑફિસ પાસે મુન્શી બેઠો હોય છે - જે કહો તે લખી આપે - લહિયો કહેવાય - તો તમને મુન્શીની જરૂર છે, પત્રકારની નહિ.

પત્રકાર માટે આજે એ જ પ્રશ્ન છે - આપણે લેખક બનવું છે કે લહિયા?

મારો પહેલો લેખ ૪૮ વરસ પહેલાં છપાયેલો, અને ૩૯ વરસથી મેં લખ્યા કર્યું છે. ૧૯૭૫-૧૯૮૨ મુંબઈ દૂરદર્શન પર સંતાકૂકડી અને યુવદર્શન કાર્યક્રમનું સંચાલન પણ કર્યું છે. આજકાલની ભારતીય ચેનલ પર મેં ભાગ્યે જ ભાગ લીધો છે. ગુજરાતી લખવાનું લગભગ છોડ્યું હતું પણ હવે પાછું શરૂ કર્યું છે. યુવાનીમાં 'નિખાલસ', 'ચિત્રલેખા', 'જન્મભૂમિ પ્રવાસી' અને 'સમકાલીન'માં થોડાઘણા લેખ લખ્યા હતા, અને છેલ્લાં ૩-૪ વર્ષમાં 'નિરીક્ષક'માં લેખ અને કવિતા, અને 'એતદ્'માં મારાં કાવ્યો પ્રકાશિત થયાં છે. પણ હું ગુજરાતી પત્રકારત્વ પર જે કહું એ તો કોઈ પ્રવાસી કહેતો હોય કે પ્રેક્ષક કહેતો હોય, એ રીતે જ જોવાય.

પણ ગુજરાતી નાટ્યદ્રશ્ય અંગ્રેજી કે હિન્દી પત્રકારત્વથી જુદું નથી. એટલું જ હતાશાજનક લાગે છે.

અરૂંધતી રોયે એક વખત લખ્યું હતું કે The role of a writer is to afflict the comfortable and comfort the afflicted. એટલે કે લેખકની ભૂમિકા તો એ છે કે પીડિતને દિલાસો દેવો કે સાંત્વન આપવું અને તાલેવંતને અસ્વસ્થ કરવા.

તો પત્રકારની ભૂમિકા છે જે પ્રશ્ન પૂછવાની કોઈની હિમ્મત નથી એ પ્રશ્ન પૂછવા; જે કંઈ બન્યું હોય એમાં કોને ફાયદો થયો એ શોધવું અને પરોપકાર કરનાર વ્યક્તિ - ધનવાન હોય કે નેતા - એનો ઉદ્દેશ શું છે એ શોધવું - કારણ કે પ્રત્યેક વ્યક્તિ મહાત્મા ગાંધી નથી હોતી - અને પ્રત્યેક ઘટનાને સમજવા એને કાચા કાંદાની જેમ ઉકેલવી, અને ગમે એટલી અગવડ થાય અને આંખે આંસુ આવે તો ય એ છાલ અને એ સ્તર ઉકેલ્યા કરવા જેથી છુપાયેલું સત્ય બહાર આવે - નીચી મુંડી ન કરાય -

**વિપિન પરીખની એક કવિતા હતી -**

*એ લોકોએ સોક્રેટીસને ઝેર પાઈ માર્યો*

*એ લોકોએ ઈશુને ખીલા ઠોકીને માર્યો*

*એ લોકોએ ગાંધીને ગોળીથી વીંધી નાખ્યો*

*મને નહિ મારી શકે*

*કારણ કે હું એ લોકોની જેમ સત્ય બોલવાનો આગ્રહ નથી રાખતો*

આવી છે દશા. એમાં કઈ દિશા શોધવી?

શક્તિવિહીન વ્યક્તિના અવાજને ટેકો દેવો અને શક્તિશાળી વ્યક્તિને કઠિન પ્રશ્ન પૂછવા - આ રહી પત્રકારની ફરજ. હવે તમે જ વિચાર કરો, કેટલા પત્રકાર આ કસોટી પાર પાડશે? *અનુ. પૃ. ૧૦*

# એક ગુજરાતી, દેશ અનેક / કેતન રુપેરા

*'ડાહ્યાભાઈને તો જ્ઞાનનું કોઈ પણ ક્ષેત્ર ચરવા-વિચરવાપાત્ર લાગે છે. જે ગમ્યું હોય અથવા જે માહિતી આપનારું હોય તેનું કતરણ ડાહ્યાભાઈ પાસેથી મળી આવે. કતરણ હાથમાં આવે ત્યાં સુધીનો સમય પણ ડાહ્યાભાઈ એળે જવા ન દે. એમની ટીકાટિપ્પણી ઘટનાના ચાલુ વિવરણની જેમ ચાલ્યા કરે. એમના લોહીમાં પડેલું મિસ્ત્રીપણું ઝીણું ઝીણું નકશીકામ કરતું જાય, ડાહ્યાભાઈ ઉત્સાહથી વાત કરતા જાય અને ખડખડાટ હાસ્યથી ઓરડાનું પેટ ભરતા જાય. સાહિત્ય, ઈતિહાસ, રાજકારણ બધાંમાં એમની ચાંચ ડૂબે. કોઈક વાર તો તમે કલ્પ્યો ન હોય એવો મુદ્દો ખોળી લાવે અને ચર્ચામાં રંગત જમાવતા જાય.'*

*પ્રાધ્યાપક જયન્ત મ. પંડ્યાએ દીધા 'જ્ઞાનિપપાસુ ડાહ્યાભાઈ મિસ્ત્રી' નામક ચરિત્રચિત્રણમાં આવી નોંધ છે. 'સ્મરણો દરિયાપારના' નામક લેખકના પુસ્તકમાં આ નોંધ સંગ્રહિત છે. આવા આ ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી જોડે ચાર દાયકાઓ ઉપરાંતનો દીર્ઘ પણ નિજી સંબંધ રહ્યો છે. મારી જિંદગીના ઉપવનમાં એ ખુદ એક એવું વૃક્ષ કે જેના છાંયડે બેસીને હાશકારો મળ્યો હોય, થાક ઉતાર્યો હોય, ગાંઠડી માંડી હોય અને વળતાં તરબતર થઈ તાજાતર થઈ જવાય.*

*'ઓપિનિયન'માં આરંભથી ડાહ્યાભાઈનું લખાણ પ્રગટ થતું રહ્યું. એમનું વાંચન અગાધ. તેનો વ્યાપ વિશાળ. મૂળે શિક્ષકનો જીવ તેથી તંતોતંત વિચારે, જીવે અને લેખનમાં ઉતારે પણ. આવા આ મસ્ત મિત્રના લેખોનું સંપાદનકામ કેતન રુપેરાએ સુપેરે પાર પાડ્યું છે. એક નિવડેલા પત્રકાર અને પ્રકાશનમાં નવા ચાસ પાડનાર કેતનભાઈ વાટે આપણને આ જ્ઞાનમાળીનું ઉપવન સમું પુસ્તક સાંપડે છે. તેનું સ્વાગત કરીએ. તેને વસાવીએ અને તેને માણીએ.* -દેશાવર તંત્રી

## લેખકને તેમના પુસ્તક[૧] અંગે સંપાદકનો પત્ર

**સુખને ઓવારે અને**

**ટેમ નદીને કાંઠે વસતા ડાહ્યાભાઈ,**

સાબરમતીના તટેથી કેતનના પ્રણામ.

ગુજરાતી ડાયસ્પોરાના વિચારપત્ર 'ઓપિનિયન' અને તેના તંત્રી વિપુલ કલ્યાણીનો પહેલવહેલો પરિચય ગૂજરાત વિદ્યાપીઠમાં પત્રકારત્વના અભ્યાસકાળ (૨૦૦૩-૨૦૦૫) દરમિયાન થયો હતો. મારા ક્લાસની એક વિદ્યાર્થિની, નામે આશા વિહોલે 'ઓપિનિયન' પર અભ્યાસપૂર્ણ ડેઝર્ટેશન (માર્ગદર્શક : પ્રા. અશ્વિન ચૌહાણ) રજૂ કરીને ઘણી પ્રશંસા પ્રાપ્ત કરેલી. બસ, એ અરસામાં જ 'ડાયસ્પોરા' શબ્દ, એના અર્થ, એ સાહિત્યની જાણ થઈ હતી.

મો. ક. ગાંધીના 'ઇન્ડિયન ઓપિનિયન'માંથી ન માત્ર 'ઓપિનિયન શબ્દ ઉછીનો લઈને' પણ સાથે 'આ દેશે [શું બ્રિટન કે શું ભારત, બધે ય] વિચારપત્રની સતત ખોટ રહી છે એ ખોટ પૂરવા' ઓપિનિયને પગરણ માંડ્યાં તે સાલ ૧૯૯૫. વરસો વીતતાં ગયાં. 'ઓપિનિયન' મુદ્રિતમાંથી ડિજિટલ, ને ડિજિટલમાંથી ઑનલાઇન થયું. પ્રસંગોપાત 'ઓપિનિયન'ના લેખો વાંચવાના થતા ગયા. 'નિરીક્ષક'ના સંપાદનની જવાબદારી (૨૦૧૪-૨૦૨૦) દરમિયાન થોડા વિશેષ પ્રમાણમાં વાંચવાના થયા, પણ એ તો એટલાં વર્ષો પૂરતાં. 'ઓપિનિયન'ની શરૂઆત, તેનો ઉદ્દેશ, તેના પ્રારંભિક લેખો, કોઈ વિશેષ મુદ્દાને સ્પર્શીને એકથી વધુ લેખકોના લેખો, કિશોરલાલ મશરૂવાળાના 'હરિજનબંધુ'માંથી ઊંચકેલાં અવતરણ સાથેનું 'એતાનશ્રી' (વાચકોના પત્રો)... વગેરેમાંથી તો આપના લેખોની ચયનપ્રક્રિયા દરમિયાન જ પસાર થવાનું થયું. ૧૯૯૬માં ઈશ્વર પેટલીકરને ટાંકીને લખેલા 'ન મળ્યો કોઈ ગુજરાતીને' લેખથી 'ઓપિનિયન'માં આપની લેખનયાત્રા શરૂ થઈ તે છેક ૨૦૧૭ સુધી અવિરત... એટલે કહો કે આપના લેખોએ જ 'ઓપિનિયન'ની વધુ નજીક આવવાનું નિમિત્ત પૂરું પાડ્યું. ને તમે માનશો? આ લેખો વાંચીને મારે—આપના શબ્દોમાં કહું તો—'નર્મદ જેવો જોસ્સો' ધરાવતા 'ઓપિનિયન'તંત્રી અને આ પુસ્તકના પરામર્શક સાથે સહજપણે જ શૅર કરવાનું થયું કે 'ઓપિનિયન'નાં આટલાં વર્ષોમાં અગ્રહરોળનાં ને નિયમિત લખતા પાંચ લેખકોનાં નામ આપવાનાં થાય તો એમાં ડાહ્યાભાઈનું નામ અવશ્ય આવે એટલું એમનું વિષયવૈવિધ્ય છે, એટલો જ એમનો અભ્યાસ દેખાય છે, ને એટલી જ એમની અભિવ્યક્તિની સરળતા ને સહજતા પણ છે. ફેસબુક-ટ્વિટર પેઢીની સ્ટાઇલમાં કહું તો "OMG.... શું રૅન્જ છે આ માણસની!" અને એટલે જ પુસ્તકમાં આપના લેખોના આ સૌથી મોટા જમા પાસાને વિશેષ રીતે ઉપસાવવામાં આવ્યું છે.

વિષય-વૈવિધ્ય પછી આલેખન ને અભિવ્યક્તિની વાત કરતાં, આપનું વ્યક્તિચિત્ર આપનાર જયન્ત પંડ્યા સહજપણે જ યાદ આવે : "સ્વતંત્ર રીતે વિચારવાની એમને ફાવટ છે. એ ધારે તો દૂધમાંથીય પોરાં કાઢી આપી શકે પરંતુ એને અવગુણ બનાવવાની હદ સુધી ન લઈ જવાનો વિવેક એમણે કેળવ્યો છે." આ લાગણી આપના લેખો વાંચતાં મને પણ વારંવાર થઈ છે. પૂર્વ આફ્રિકાના દેશોમાં હિંદીઓના પ્રદાનની અવગણના કે આરબદેશોમાં ભારતીય મજૂરોના સંઘર્ષની વાત હોય, ગુજરાતી સમાજની મર્યાદા ને ગુજરાતી ડાયસ્પોરિક સર્જકોની વાત હોય કે પછી ભારતપ્રવાસની ડાયરી 'વાપીથી તાપી' (પૃ. ૩૧થી ૫૦ અને ૬૮થી ૭૪). ... પોસ્ટવિભાગનો દાખલો આપીને તો આપે આ વાતને બખૂબી મૂકી આપી છે.

કેન્યા, યુગાન્ડા, ટાન્ગાનિકા ને ઝાંઝીબારમાં હિંદી વસાહતનાં વિવિધ ક્ષેત્રમાં સાહસ-સંઘર્ષ-સિદ્ધિની વાત માંડીને તો જાણે આ વસાહતનો અનૌપચારિક ઇતિહાસ આપી દીધો છે! ૧૮૬૦માં નાતાલ બંદરે પહેલી આગબોટ લાંગરી ત્યાંથી લઈને ૧૯૭૨ સુધી—ખાસ્સા૧૧૨ વર્ષ—ના ઇતિહાસલેખનમાં અલીદીના વિસરામ, અલીભાઈ મુલ્લા જીવણજી, પ્રાણલાલ શેઠ, મણિલાલ દેસાઈથી લઈને રજત નિયોગી સુધીનાનાં પત્રકારત્વ-જાહેરજીવનનાં કાર્યો માટે આપના હૃદયમાં માનની સાથે અંગત લાગણી પણ જોડાયેલી છે, એ 'બિટ્વિન ધ લાઇન્સ' વાંચી શકાય છે, આપે એને પ્રત્યક્ષપણે વર્તાવા દીધી નથી. એ આપની કલમની સંયમશીલતા છે.

હા, એક જગ્યાએ અંગત ઝુકાવ સ્પષ્ટ વર્તાય છે. પણ એ અંગેનો મારો ઉલ્લેખ આપના હૃદયને ઠેસ નહિ પહોંચાડે. બલકે આપને ગૌરવ મહેસૂસ કરાવશે. એ ૧૯૯૭ના બ્રિટનના મજૂર પક્ષ અને તેના નેતા ટોની બ્લેયર માટેનો સૉફ્ટ કૉર્નર. ખરું ને?

---

૧. *એક ગુજરાતી, દેશ અનેક*

લે. **ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી**, સં. **કેતન રુપેરા**, પરામર્શન : **વિપુલ કલ્યાણી**
પ્રકાશન : 3S Publication, પ્રાપ્તિસ્થાન : ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ - અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, માર્ચ ૨૦૨૧
પાકું પૂઠું, સાઈઝ : ૫.૫"x૮.૫", પૃ. ૩૫૨ (૧૬+૩૩૬), રૂ.500 ● £15

લેખકશ્રી, જ્યારે આપ લેબર પાર્ટી ને ટૉની બ્લેયર-ગોર્ડન બ્રાઉનની જોડી, તેમની દીર્ઘદૃષ્ટિ, બુદ્ધિમત્તા, છટાદાર વક્તૃત્વ વગેરેની વાત માંડો છો ત્યારે આપના વ્યક્તિત્વમાં રહેલું Briticism (the aggregate of such qualities regarded as characteristic of a British person, www.collinsdictionary.com) અભિવ્યક્તિ રૂપે એવું ઝળકી ઉઠે છે કે તરત ઉમાશંકરની પેલી પંક્તિ યાદ આવે…. 'એ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી'. કેવળ ગુજરાતી નહિ રહીને અને કેન્યા કે બ્રિટન, જ્યાં પણ રહ્યા ત્યાં ગુજરાતીપણું જાળવતાની સાથે ત્યાંની સંસ્કૃતિમાં ભળી જનાર નાગરિક તરીકે આપ ઊભરી આવો છો. 'સહસ્રાબ્દીના આરે નૂતન બ્રિટનનાં સોણલાં' આપે પણ ઓછાં નથી જોયાં ને 'એકવીસમી સદીના ઉંબરે નૂતન બ્રિટનની ઝંખના' આપે પણ ઓછી નથી કરી. અને એની પાછળનું કારણ પણ સમજાય છે. બહુ લાગણીસભર છે. ચાલો, તમારા જ શબ્દોમાં… "રૂઢિચુસ્ત પક્ષ એટલે કે કન્ઝર્વેટિવ પાર્ટી અને મજૂર પક્ષ એટલે કે લેબર પાર્ટી બાળપણમાં સાંભળેલાં નામો. એટલીના મજૂર પક્ષ અને ચર્ચિલના રૂઢિચુસ્ત પક્ષ વિશે એક ધૂળિયા ગામમાં ૧૯૪૭માં ૧૦ વર્ષના છોકરાને રાજકારણનું શિક્ષણ એક પિતા આપી રહ્યા છે. પિતા વાચનનો ગજબનો રસ ધરાવે છે. અખબારોના તો એ અઠંગ વાચક છે. બાળપણમાં મળેલું આ શિક્ષણ પુત્રના મનમાં ઘર કરી બેઠું છે અને પછી તો યુવાકાળમાં મોમ્બાસા (કેન્યા)માં દૂર રહીને પણ આ પક્ષોની અને તેમના નેતાઓની કારકિર્દી-કામગીરીમાં એટલો જ રસ રહ્યો છે. પિતાની વિચારધારાને અનુમોદન મળતું રહ્યું. એ વિચારધારા દૃઢ બનતી ગઈ. રાજકારણમાં આટલો રસ લેનાર પુત્ર આજે ૧૯૯૭ની ચૂંટણીના ઢંઢેરાઓ બહાર પાડ્યાના ત્રણચાર દિવસો પછી ગ્રેટ બાર (બર્મિંગમ)ના ટેકરાળી પરામાં ૨૦૦૦ ઘરોમાં મજૂર પક્ષના કાર્યકર્તાઓ સાથે સમાચારપત્રકો પહોંચાડવામાં ઘૂમતો થઈ ગયો છે." (પૃ. ૫૨)

હા, ઉંમરના છઠ્ઠા દાયકે પહોંચી ગયેલા ને છોકરો મટી ખરા અર્થમાં વૃદ્ધિ પામ્યા છે એવા વૃદ્ધ બનવા તરફ પ્રયાણ કરી રહેલા એ પુત્રને ટોરી પક્ષનો સંપૂર્ણ રકાસ થાય એવું સ્વપ્ન જોવામાં બેશક આનંદ આવે છે, પણ એનું મૂળભૂત વલણ લોકશાહીનું છે. સુશાસન અને વિકાસનું છે. એટલે કહે છે, "વાચકને તટસ્થભાવે એક જ સૂચન : ગમે તે પક્ષ માટે તમારો પક્ષપાત હોય તોય, એ માટે આ સમય છે. તમારી સૂઝબુજથી સક્રિય બનજો ને મતદાન કરજો." (પૃ. ૫૩)

આ તો થઈ એક પુત્રની વાત. પણ આ જ પુત્ર ભવિષ્યમાં પિતા બને ત્યારે પોતે પણ સંતાનોનું ઘડતર કેવું કર્યું છે, જોઈએ…. પોતાના સંતાનમાં 'કંઈક કલ્યાણકાર્ય, માનવસેવા કરવાની ધગશ અને ઇચ્છા' રહ્યા કરતી હોય એ કોઈ પણ પિતાને ગમે, પણ એ માટેનું સ્થળ યુદ્ધભૂમિ હોય તો? પિતાની અને બે ભાઈઓની વીનવણી અને સમજાવટ પછી પણ દીકરી યુદ્ધભૂમિ પર જવા અડગ રહે ત્યારે?! 'યુદ્ધગ્રસ્ત બોસ્નિયા, દીકરીની દૃષ્ટિ અને પિતાનું હૃદય'(પૃ. ૧૪૪-૧૫૦)માં આ 'સંવેદનો, સ્પંદનો અને આંતરવ્યથા' દિલ દહેલાવી નાંખે એ હદે વ્યક્ત થયાં છે. દીકરી દીપિકા બોસ્નિયા માટે વ્યવસાયી ભરતી કરતી કોઈ ઍજન્સીમાં કામ કરતાં કરતાં પોતાની જ એ યુદ્ધભૂમિમાં જવા માટે ભરતી કરી નાંખે છે. ત્યાં પહોંચી કામમાં ગજબનો ઉત્સાહ દાખવે છે, 'અમેરિકી લશ્કરી તંત્ર પુષ્કળ સુવિધાઓ અને સહુલિયતો આપે છે. સુરક્ષામાં ક્યાંય કચાશ નથી.' ને છતાં જે 'મનોવિગ્રહ અને અશાંતિ'માંથી દીકરી પસાર થાય છે ને પિતાને લખે છે કે 'આવા યુદ્ધગ્રસ્ત જગતમાં બાળકની મા બનવાની ઇચ્છા થતી નથી'. … દીકરીના જ શબ્દોમાં, "Last week I drove through the zone of separation at Brocko, one of the worst hit towns in Bosnia. I was stunned at the sheer devastation and could not help but cry. … I saw children playing in the fields, innocent and happy not realising that they could be playing on the minefield. My heart just wanted together them up and take them away. This was the first time in my life that I considered not having children, certainly not in a world still at war with itself." આ વાંચીને બાપના હૃદયે શું વીતી હશે!

આ જ દીકરી આગળ જતાં દુબઈમાં પતિ સાથે એક ચર્ચ સંસ્થામાં જોડાય છે. શિક્ષણ સંબંધિત કામમાં વ્યાવસાયિક સેવા આપે છે. પછી તો આપ પણ વૅકેશન ગાળવા દુબઈ જાવ છો. ૭૫ વર્ષે પણ કોઈ વ્યક્તિ નવા દેશને જોવા-જાણવા-સમજવા આટલી હદે જિજ્ઞાસુ હોય એનો દાખલો આપની 'દુબઈ ડાયરી' (પૃ. ૨૭૨-૨૯૪)માંથી મળી રહે છે. પ્રવાસ દરમિયાન આપે જોયેલા આરબ દેશોના વિકાસ અને નવજાગૃતિની વાતોને સાંપ્રત તથ્યો અને આંકડાને આધારે માત્ર ન મૂકતાં છેક એનાં મૂળિયાં સુધી પહોંચી સુમેરિયન સંસ્કૃતિની વાત પણ લઈ આવો છો. હું તો એમાં જ ન્યાલ થઈ ગયો, વાચકો પણ થશે જ.

ઉત્તર આફ્રિકાના દેશો હોય કે દક્ષિણ એશિયાના દેશો, તેમની સાથેના ભારતના સંબંધોની વાત કરતી વખતે દેશના પહેલા વડાપ્રધાન નેહરુને આપે અવારનવાર યાદ કર્યા છે ને અવતરણો ટાંક્યાં છે—ન માત્ર નેહરુનાં, જગતભરના વિદ્વાન લેખકો-સાહિત્યકારો-રાજનેતાઓનાં—તે આપના વાચનવિશ્વની વિશાળતા દર્શાવી જાય છે. આ અંગ્રેજી અવતરણોની માત્રા એટલી મોટી છે કે અડધાં ઉપરાંતનાં પાનાં વિશ્વભરનાં ખેરખાંનાં જ્ઞાન અને અનુભવવાણીથી દીપી રહ્યાં છે. એટલે સ્વાભાવિક જ મને લાગ્યું કે આ અવતરણોનો ગુજરાતી અનુવાદ કરીને મૂકું? એક તબક્કાનો અનુવાદ કર્યો ય ખરો. પણ જેવાઆ અનુવાદોને તેનાં મૂળ અંગ્રેજી અવતરણોની સાથે મૂકીએ કે ઠેરઠેર આ મતલબનું વાંચવા મળે 'એનાં મૂળ અંગ્રેજીમાં જ આ માણીએ'. બસ, પછી તો શું; બંદાએ 'હથિયાર' હેઠાં મૂકી દીધાં. જ્યાં મૂળમાં ગુજરાતી અનુવાદ આપ્યો છે ત્યાંથી કાઢવો નહીં ને જ્યાં નથી ત્યાં ધરાર આપીને મૂળ અંગ્રેજીમાં વાચકો એ માણે એવી આપની મંછાને હાનિ પહોંચાડવી નહિ. કેમ કે આખરે, એ આપની અભિવ્યક્તિની તરાહનો જ એક ભાગ બની રહે છે. પરામર્શક પણ આ જ મતના હતા, અથવા કહો કે આ બધી બાબતો સાબૂત હોવા છતાં એ નિર્ણયની પહેલ તો એમના થકી જ થઈ. અમારા આ નિર્ણયથી ગુજરાતીની જેમ જ 'અંગ્રેજી ભાષા-સાહિત્ય-પત્રકારત્વ'ની પણ એક આખી કૅટેગરી જન્મી—એ આડલાભ.

વારુ, સિંગાપોરનો આપનો પ્રવાસ તો કોઈ પણ ગુજરાતીને, નાગરિક સમાજ કોને કહેવાય એ જાણવાની ભૂખ હોય તો એ સંતોષવાનું ભાથું પૂરું પાડે એવો બની રહ્યો છે. *હિમાલયના પ્રવાસ*નો અંગ્રેજી અનુવાદ *The Himalaya: A Cultural Pilgrimage* (અનુ. અશોક મેઘાણી, પ્રકાશક : કેન્દ્રિય સાહિત્ય અકાદમી, દિલ્હી, ૨૦૧૪) પ્રકાશિત થયા ટાંકણે એને આવકારતા દીપક મહેતાના વાયા 'ગુજરાતમિત્ર' ઓપિનિયન ઓનલાઇનમાં ઉદ્ધૃત થયેલા લેખમાં તેઓ કહે છે, "કાકાસાહેબે પુસ્તકના નામમાં ભલે 'પ્રવાસ' શબ્દનો ઉપયોગ કર્યો. હકીકતમાં એ 'પ્રવાસ' કરતાં વધુ તો 'યાત્રા' હતી. અનુવાદકે પુસ્તકના નામમાં ઉચિત રીતે જ 'પિલ્ગ્રિમેજ' શબ્દ પ્રયોજ્યો છે. પણ આ યાત્રા કેવળ ધાર્મિક ઉદ્દેશથી નથી થઈ. તેની પાછળ ભારતની સંસ્કૃતિને જાણવાની નેમ પણ હતી."

આરબ દેશો અને સિંગાપોરના આપના પ્રવાસ પણ જાણે એ દેશોની સંસ્કૃતિને જાણવા માટેની નેમ હોય એમ બની ઊભરી આવે છે.

પુસ્તક અંગે લખવા જેવું બીજું ય ઘણું છે, 'વ્યક્તિ વિશે-પુસ્તક વિશે'નો વિભાગ તો એક અલગ જ પ્રકરણ માગી લે, પણ પહેલી મુલાકાત કે પહેલા પત્રમાં બહુ ન બોલાય-લખાય, એવું વડીલો પાસેથી જ શીખવા મળ્યું છે, એટલે આટલેથી અટકું... ને પત્રના પ્રારંભે તો સ્વાભાવિક જ, પણ હવે અહીંને જયન્ત પંડ્યાને સંભારું. આપની સાથેના એક સંવાદને યાદ કરતાં એમણે લખ્યું છે : "'જીવન ફરીથી જીવવા મળે તો તમે શું કરો?' એવા પ્રશ્નના જવાબમાં એમણે મને (એટલે કે આપે એમને) કહેલું. 'ફરી જીવવાનો વારો આવે તો વિદ્યાના પરિવેશમાં જીવવાનું પસંદ કરું.'" આપનું આ પુસ્તક વાચકોને પણ વિદ્યાના પરિવેશમાં લઈ જશે એવી ખાતરી છે ને વ્યક્તિગત વાચકો ઉપરાંત શૈક્ષણિક-સાહિત્યિક ને સાંસ્કૃતિક સંસ્થાઓ માટે પણ પોતાની આર્કાઈવ્ઝનો હિસ્સો બની રહેશે એવો વિશ્વાસ છે.

બસ, વધુ તો શું કહું... વિદેશ વસતી ગુજરાતી પેઢી માટે પોતાના દાદા-પરદાદાની વાત અને ભારતીય ગુજરાતીઓ માટે વિદેશ વસતા ગુજરાતી સમાજની વાત—પહેલા જ પ્રકરણમાં પેટલીકર, બ. ક. ઠાકોર વગેરેને ટાંકીને કહેવાઈ છે એ 'એક પ્રજા તરીકે ગુજરાતી' બની રહેવાની વાત—લઈને આવતું આ પુસ્તક સૌ ગુજરાતીઓને 'વિશ્વ ગુજરાતી' બનવા માટેની યાત્રાનું એક 'આગે કદમ' બની રહે એવી આશા સાથે...

Email: ketanrupera@gmail.com

## રજત રાણ પડાવે 'ઓપિનિયન'

**'ઓપિનિયન'** મત, વલણ, વિચાર, અભિપ્રાય ઇ.ઇ. માટે ય ચાલે. ખરું ને? રજત તો silverનો એક શબ્દાર્થ પણ છે. પચ્ચીસી લઈ શકાયું હોત; પણ ટાળ્યું. યુવાનીને આપણો સમાજ ક્યાં સાંભળે છે ? તે તો મનમાની જ કરે છે ! તેથી રજત અને તેમાં જોડ્યું 'રાણ'. તેનો એક અર્થ રાજા કે રાણા પણ થાય છે. અને બીજો અર્થ રાણનું વૃક્ષ. અને આ વૃક્ષ તો રાયણ જેવું મજેદાર ફળ પણ આપે જ છે. તેથી રજત રાણ. અને તેને પડાવે, તેને છાંયડે પડાવ. એવા એવા એવા પડાવે આ ઓપિનિયન.

અહીં ત્રીજા તેમ જ આખરી ચોથા સપ્તાહ અંતના ચાર અવસરોની વિગતો પૂરીએ છીએ.

**શનિવાર, ૧૭ ઍપ્રિલ ૨૦૨૧**ના દિવસે અમેરિકાનિવાસી બિનીતા શાહ-રજની પી. શાહની જોડ નાટક લઈને આવે છે. આ ડાયસ્પોરા તપને માણતાં માણતાં મોજના દરિયામાં આનંદવાનું છે.

Zoom Link : https://zoom.us/j/91964953445 (Meeting ID: 919 6495 3445)

જ્યારે **રવિવાર, ૧૮ ઍપ્રિલ ૨૦૨૧**ના દિવસે "વારસાની ભૂમિ, ડાયસ્પોરા વિશ્વ તેમ જ 'જય જગત'" સરીખા મજેદાર રોચક વિષય મિષે ચર્ચા મંડાવાની છે. ચર્ચાકાર હશે : નટવર ગાંધી, આરાધના ભટ્ટ, ભીખુ પારેખ અને રોહિત બારોટ.

Zoom Link : https://zoom.us/j/94271269121 (Meeting ID: 942 7126 9121)

**શનિવાર, ૨૪ ઍપ્રિલ ૨૦૨૧**ના દિવસે અમેરિકાનિવાસી ભાષાશાસ્ત્રી સાહિત્યકાર બાબુ સુથાર 'અનુસત્યના જમાનામાં સાહિત્ય' અંગે રજૂઆત કરશે. અમદાવાદસ્થિત કેળવણીકાર રૂપાલી બર્ક 'જ્ઞાનના યુગમાં સાહિત્યિક અને સંલગ્ન પ્રવૃત્તિઓની બદલાતી ભૂમિકા' બાબત સમજણ આપશે. તેમજ ધરમપુરનિવાસી જાણીતા કેળવણીકાર-અર્થશાસ્ત્રી સુદર્શન આયંગાર 'ઇન્ડિયન ઓપીનિયનથી ઓપિનિયન - એક દડમજલ' પેશ કરશે.

Zoom Link : https://zoom.us/j/94873803993 (Meeting ID: 948 7380 3993)

જ્યારે **રવિવાર, ૨૫ ઍપ્રિલ ૨૦૨૧**ના દિવસે "મનમાની મંચે માનવીની ભવાઈ" સરીખા મજેદાર રોચક વિષય મિષે ચર્ચા મંડાવાની છે. વક્તા હશે અશોક કરણિયા તેમ જ જાણીતા વિચારક-પત્રકાર-સાહિત્યકાર પ્રકાશ ન. શાહ. આ અવસરે ઇંગ્લૅન્ડનિવાસી ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીના વિવિધ લેખો ધરાવતું સંપાદિત પુસ્તક : *'એક ગુજરાતી દેશ અનેક'*પણ લોકાર્પિત થશે.

Zoom Link : https://zoom.us/j/99184310549 (Meeting ID: 991 8431 0549)

પત્રકારત્વની દશા અને દિશા... ● અનુ. પૃ. ૭થી...

ઘણા પત્રકારો ઘણું સરસ કામ કરી રહ્યા છે - શીલા, ચિરંતના, અને રાજ તો ખરાં જ, પણ એમ જ જોઈએ તો બકુલ ટેલર, ઉર્વીશ કોઠારી, રમેશ ઓઝા, દીપક સોલિયા, આકાર પટેલ, પારસ ઝા, બિનીત મોદી, રોક્સી ગાગડેકર, પ્રશાંત દયાળ, આ બધા પત્રકારો - અને બીજા ઘણા જ - ઉત્કૃષ્ટ કામ કરી રહ્યા છે. આજે 'ભૂમિપુત્ર' તો ન હોય પણ 'એતદ્', 'નિરીક્ષક', 'પરબ', 'સાર્થક જલસો' જેવાં સામયિક એક વખતનાં 'કુમાર', 'સંસ્કૃતિ', 'ક્ષિતિજ' અને 'ઊહાપોહ'ની પરંપરાને પગલે પગલે ચાલી રહ્યાં છે.

મોટાં શહેરોમાં નામાંકિત છાપાં એક બીજાનો રોજબરોજ વિરોધ કરે, એક દલિતનો અવાજ ઉઠાવે અને એક સવર્ણનો, પણ કૌરવ-પાંડવની જેમ કોમી રમખાણ વખતે "આપણે તો એકસો પાંચ" કહી ભેગાં થઇ જાય, ત્યાં સ્વાતંત્ર્યની અપેક્ષા કેમ કરી રખાય? જમાનો પણ એવો આવ્યો છે કે ધોરણો નબળાં થઇ ગયાં છે - અને દિલચસ્પ કટારલેખકોને ફિલસૂફ માનવા માંડીએ છીએ; છીછરાપણાથી આપણે પ્રભાવિત થઇ જઈએ છીએ, અને એમના લેખોમાં તથ્ય કેટલું અને દાવા કેટલા એ મૂંઝવણમાં પડી જઈએ છીએ. એમના વાકચાતુર્યથી અંજાઈ જઈએ છીએ અને એવા લેખકોને અપ્રતિમ ગણીને સિંહાસન પર બિરાજમાન કરીએ છીએ - ત્યારે પ્રશ્ન ઉદ્ભવે તે સ્વાભાવિક છે - કે ગુજરાતી પ્રજાને ખુશ કરતી memes અને રમૂજી ટુચકા, ગુજરાતના ગૌરવના viral વીડિયો, અને rap સંગીત સાથે હિન્દી-અંગ્રેજીના મિશ્રણ વાળી કઢંગી ભાષામાં ગુજરાતીઓની પીઠ થાબડે અને એને જો એ જ પ્રજા આવી ક્ષણભંગુર કૃતિઓને સર્જનાત્મક સિદ્ધિ ગણે, ત્યારે શું કહેવું રહ્યું?

મને તો મકરંદ દવે યાદ આવે:

એ દેશની ખાજો દયા!

હરીન્દ્ર દવે પણ યાદ આવે છે. હું તો હરીન્દ્રભાઈને ઓળખું કવિ તરીકે - એમણે પત્રકારત્વની શોભા વધારી, સાહિત્ય અને પત્રકારત્વનું સંમિલન કરાવ્યું. નિષ્પક્ષ પત્રકાર તરીકે એમણે વર્તમાનપત્રને સમાજ સામે અરીસાની જેમ ધર્યું. શાણાને સાન, મૂરખને ડફણાં - એ કહેવત એ સમજતા - પોતાના વાચકને શાણા માનતા - અને સૂક્ષ્મતા અને સૌમ્યતાથી ઈશારો આપતા :

*જાણીબૂઝીને અમે અળગા ચાલ્યા ને છતાં*
*પાલવ અડક્યાનો મને વ્હેમ છે*
*સાવ રે સફાળા તમે ચોંકી ઊઠ્યા ને પછી*
*ઠીક થઈ પૂછ્યું કે કેમ છે*

પત્રકારનું કામ એ ઈશારો આપવાનું છે, અને વાચકે ચોંકવાનું છે.

આજકાલ પત્રકારો ઉશ્કેરાઈને ઉછળકૂદ કરે છે - અને વાચકો પડખું ફરીને ઝોકું ખાઈ લેતા હોય છે.

કોણ જગાડશે? જાગ્યા ત્યારથી સવાર!

e.mail : salil.tripathi@gmail.com

## સદ્‌ગત કિશન ગોરડિયા / બીરેન કોઠારી

***ચારેક દાયકા પર ચુનીકાકા થકી એમનો પરિચય થયો, અને યથાપ્રસંગ કિશનભાઈના વિચારઘોડા તેમ કાર્યવલણોની હણહણાટીને પગરવ (ને કંઈક કર્ણમંત્ર) એવો એ તાંતણો હમણાં લગ વણતૂટ્યો ચાલ્યો. છેલ્લે, ઘણું કરીને ફેબ્રુઆરીમાં એમનો ફોન આવ્યો ત્યારે મુદ્દો એમણે વિચારેલ મરણોત્તર આયોજનનો હતો. વચલાં વરસોમાં એક તબક્કે 'નિરીક્ષક' તંત્રી કને કોઈ નિયમિત આવકસ્રોત નથી એ લક્ષમાં આવતાં એમણે પ્રતિમાસ વ્યક્તિગત માનધનની વિચારણા કરી મને પૂછ્યું પણ હતું. મેં વિનયસર અસ્વીકાર કરી વળતું સૂચવ્યું હતું કે ઠીક લાગે તો અને અનુકૂળતા હોય ત્યારે 'નિરીક્ષક'ની કિંચિત્ બાલાશ જાણશો તો જરૂર ગમશે. બીરેનભાઈએ એમની જીવની પર કામ કરેલું છે. એમની કલમે લખાયેલો આ નાનો શો અંજલિલેખ, વાચકોની સેવામાં. -તંત્રી***

**મુંબઈના** 'દોસ્તી બિલ્ડર્સ'ના સ્થાપક, 'સદ્‌ભાવના સંઘ'ના પ્રણેતા કિશનભાઈ ગોરડિયાએ ૬ એપ્રિલ, ૨૦૨૧ની વહેલી સવારે, ૮૮ વર્ષની વયે વિદાય લીધી. તેમની જીવનસફર બહુ વિશિષ્ટ બની રહી હતી.

ચુનીલાલ ધરમશી ગોરડિયા અને ચંદ્રભાગાબહેનનાં કુલ છ સંતાનોમાં કિશનભાઈ ચોથા ક્રમે હતા. ચાવંડ અને મહુવામાં બાળપણનાં આરંભિક વરસો વીતાવ્યાં પછી પોતાની પાંચ-છ વર્ષની ઉંમરે પરિવાર સાથે કિશનભાઈને મુંબઈ આવી જવાનું બન્યું. માતાની તબિયત નરમગરમ રહ્યા કરતી હતી. કિશનભાઈની બાર વર્ષની વયે માતાનું અવસાન થતાં ઘરની જવાબદારીનો અહેસાસ તેમને તીવ્રપણે થયો. પિતાજીની તબિયત પણ અસ્થિર રહેવા લાગી. કિશનભાઈને જાણ થઈ કે પિતાજીને માથે દેવું થઈ ગયેલું છે.

આ દેવું ચૂકતે થઈ શકે એ માટે કિશનભાઈએ મેટ્રિક પાસ થયા પછી આગળ અભ્યાસ કરવાનો વિચાર માંડી વાળ્યો. પોતાને માર્ગદર્શન આપે એવું કોઈ હતું નહીં. તેમણે જાતે જ એ નિર્ણય લીધો અને નોકરી શોધવા લાગ્યા. એક સર્જિકલ કંપનીમાં નોકરી મળી.

એ પછી તેમનાં નોકરીનાં ક્ષેત્ર બદલાતાં રહ્યાં. તેમણે શિક્ષક તરીકે કામ કર્યું, વળી પાછા સર્જિકલ કંપનીમાં આવ્યા. બિલકુલ આ જ રીતે તે ઈમ્પોર્ટ-એક્સપોર્ટ લાયસન્સના ક્ષેત્રે આવ્યા. આ સમયગાળા દરમિયાન તેમનો પરિચય ગાંધીસાહિત્ય અને સર્વોદયસાહિત્ય સાથે થતો ગયો અને તેનાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. તેમનો જીવ આ ક્ષેત્ર તરફ પ્રબળ ખેંચાણ અનુભવતો હતો, પણ પારિવારિક સંજોગો તેમને એ તરફ જતાં રોકતા હતા. ઈમ્પોર્ટ-એક્સપોર્ટ લાયસન્સનું કામ તેમણે સ્વતંત્રપણે શરૂ કર્યું ત્યારે એ ક્ષેત્રે રહેલા ફરજિયાત ભ્રષ્ટાચારનો તેમને ખ્યાલ આવ્યો. એવે વખતે કેદારનાથજીએ તેમને સમાધાન સૂચવ્યું.

એ જ રીતે કિશનભાઈએ સાબુનું એક કારખાનું સંભાળ્યું. જેમ જેમ તે વ્યવસાયના ક્ષેત્રને છોડીને સેવામાર્ગે જવા વિચારતા એમ એવા સંજોગો ઊભા થતા રહ્યા કે તેમણે વ્યાવસાયિક બાબતોમાં ઊંડા ઉતરવું પડતું. ૧૯૭૦ના દાયકાના ઉત્તરાર્ધમાં તેમણે વડાલામાં એક જમીન રાખી અને પહેલવહેલું બિલ્ડિંગ તૈયાર કરાવ્યું. વડાલામાં રહેવા આવી શકાય એવું ત્યારે વિચારી શકાય એમ જ નહોતું, પણ કિશનભાઈએ હિંમત કરી. આ એક એવો પાયો હતો કે જેના પર આખી ભાવિ ઈમારત તૈયાર થવાની હતી. આગળ જતાં કિશનભાઈના પુત્ર દીપકભાઈએ 'દોસ્તી બિલ્ડર્સ'નું સુકાન સંભાળ્યું અને પોતાની સૂઝ વડે તે મુંબઈના શ્રેષ્ઠ દસ બિલ્ડરોની હરોળમાં બિરાજ્યા.

કિશનભાઈનું ખેંચાણ પહેલેથી સામાજિક કાર્યો પ્રત્યે હતું. તેમણે હવે એ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. જોકે, સામાજિક કાર્યોમાં તેમનું મુખ્ય લક્ષ્ય નાગરિકોના ઉત્થાન પ્રત્યે વિશેષ હતું. એ અંગેનાં વિવિધ કાર્યો તે કરતા રહ્યા. કટોકટી દરમિયાન અનેક કાર્યકર્તાઓને તે મદદ કરતા રહ્યા હતા. સર્વોદયને લગતી પ્રવૃત્તિઓમાં તે ઘણા સક્રિય રહેતા અને કાર્યકરોના હિતની સતત ખેવના કરતા રહેતા.

૨૦૦૬માં તેમણે 'સદ્‌ભાવના સંઘ'ની સ્થાપના કરી અને આ કાર્યો માટે નક્કર આયોજન કર્યું. 'સદ્‌ભાવના'નો અર્થ કેવળ કોમી સદ્‌ભાવનાને બદલે તેમણે ઘણો વ્યાપક રાખ્યો હતો. એ અનુસાર નાગરિક જાગૃતિના વિવિધ કાર્યક્રમો તે યોજતા હતા. 'સદ્‌ભાવના સંઘ'ના મૂળમાં વિનોબાજીએ આપેલી આચાર્યકુળની વિભાવના હતી, જેમાં સમાજના વિવિધ ક્ષેત્રના લોકો સંકળાય અને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરે એ ખ્યાલ મુખ્ય હતો. કિશનભાઈ પોતે ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને અનુસરતા હતા, જેમાં પોતે પોતાની સંપત્તિના માલિક નહીં, પણ ટ્રસ્ટી હોવાની ભાવના હતી. પોતાની સંપત્તિ તે સમાજને અર્પણ કરવા ઈચ્છતા હતા અને એ અંગે વિવિધ લોકો સાથે તે અવારનવાર ચર્ચા કરતા. પોતાનો પૂર્ણ સમય તે 'સદ્‌ભાવના સંઘ'માં જ આપતા હતા. છેલ્લે છેલ્લે શારીરિક વિપરીતતા હોવા છતાં તે 'સદ્‌ભાવના સંઘ'માં લગભગ નિયમિત આવતા.

છેલ્લાં ચારેક વર્ષથી તેમની જીવનકથાના આલેખન માટે મારે તેમની સાથે ગાઢ સંપર્કમાં રહેવાનું બનેલું. ૨૦૧૬માં તેમની જીવનકથા આલેખવાનું સૂચન વડીલમિત્ર રમેશ ઓઝાએ કર્યું ત્યારે ખુદ કિશનભાઈ પોતાની જીવનકથા લખાવવા બાબતે ખચકાતા હતા. અમે એક મુલાકાત ગોઠવી. એમાં મેં જીવનકથાના આલેખન અંગેની ગેરસમજ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. તે માન્યા. એ પહેલી મુલાકાતમાં તેમના વ્યક્તિત્વની કેટલીક લાક્ષણિકતાઓ મારા ધ્યાનમાં આવી, જે સાચી હોવાની પ્રતીતિ દરેક મુલાકાત વખતે થતી રહી. તેમની વિશ્લેષણ શક્તિ અને મૂલ્યાંકનક્ષમતા એવાં તીવ્ર હતાં કે પોતાની જાતનું પણ એ તદ્દન નિષ્ઠુરપણે વિશ્લેષણ કરતા. તે બોલવાનું શરૂ કરે એટલે અસ્ખલિતપણે બોલતા. કોઈ સવાલનો જવાબ વિસ્તારથી આપતાં તે ફંટાઈ જાય તો તેમને ખ્યાલ આવી જતો અને પછી જાતે જ કહેતા, 'હું બીજી વાત પર જતો રહ્યો, નહીં?'

અમારી કાર્યપદ્ધતિ એવી ગોઠવાયેલી કે અગાઉથી મુલાકાત નક્કી કરીને હું મુંબઈ બે યા ત્રણ દિવસ માટે જતો. બપોરથી સાંજ સુધી તેમની સાથેની વાતચીતનો કાર્યક્રમ વડાલાના 'સદ્‌ભાવના સંઘ' ખાતે રહેતો. ખરી મઝા એ પછીની હતી. તેમનું નિવાસસ્થાન નેપિયન સી રોડ પર, જ્યારે હું પેડર રોડ પર મારા કાકાને ત્યાં ઉતરતો. આથી સાંજે વડાલાથી તે મને તેમના વાહનમાં લઈને નીકળતા અને સહેજ ફરીને મને પેડર રોડ પર ઉતારીને આગળ વધતા. આ કલાક-સવા કલાક દરમિયાન અમારી વચ્ચે અનેક પ્રકારની નિખાલસ વાતચીત થતી. આને કારણે એક વિશિષ્ટ આત્મીયતા અમારી વચ્ચે થઈ ગયેલી.

તેમની જીવનકથાનું આલેખન ક્યારનું પૂરું થઈ ગયું હતું. ૨૦૨૦ના ફેબ્રુઆરીમાં ખાસ ત્રણ દિવસ એમણે ફાળવ્યા. આ ત્રણ દિવસ દરમિયાન મેં એમની જીવનકથાનું વાંચન એમની સમક્ષ કર્યું. સાથે વર્ષાબહેન (વિદ્યા વિલાસ) જેવા તેમનાં જૂનાં સાથીદાર ઉપસ્થિત હતાં. એ બેઠકમાં અમે જરૂરી સુધારાવધારા કરતા ગયા. એક યા બીજાં કારણોસર તેના પ્રકાશનમાં વિલંબ થતો રહ્યો, છતાં અમારો ટેલિફોનિક સંપર્ક ચાલુ હતો.

વચ્ચે તેમની તબિયત લથડી ત્યારે તેમણે ડૉક્ટરને સ્વસ્થતાપૂર્વક પૂછેલું કે પોતાની પાસે કેટલો સમય રહ્યો છે. અમારી વાતચીતમાં તેમણે એક વાર જણાવેલું કે પોતે દોઢ વર્ષનું આયોજન કરેલું છે. આ સમજતાં મને અડધી સેકન્ડ થયેલી અને એ પછી રીતસર એક લખલખું પસાર થઈ ગયેલું. કોઈ માણસ આ હદની હેતુલક્ષિતાથી પોતાના વિશે વાત કરી શકે?

ગયે વરસે કોવિડની સ્થિતિ દરમિયાન ફોન પર અમારી વાતચીત થઈ ત્યારે તેમણે એ જ રીતે કહેલું, 'મારા બિલ્ડિંગમાં એક પછી એક એમ બે જણનાં મૃત્યુ થયાં. હવે સૌથી મોટો હું જ છું એટલે મારો વારો છે.' મેં હસીને કહેલું, 'પુસ્તક પ્રકાશિત કર્યા વિના અમે તમને જવા નહીં દઈએ.'

તેમની જીવનકથાનું શીર્ષક પણ વાતવાતમાં સૂઝેલું. એક વાર અમારી વળતી મુસાફરી દરમિયાન એ કહે, 'આજે 'ભોમિયા વિના ભમવા'તા મારે ડુંગરા' કવિતા મેં વાંચી. મને લાગ્યું કે એ કવિતા મને જ લાગુ પડે છે.' મેં સૂચવ્યું, 'તો આપણે એની પરથી જ શીર્ષક વિચારીએ ને!' એ રીતે અમે 'ભોમિયા વિના ભમ્યો હું ડુંગરા' શીર્ષક નક્કી કરેલું. અલબત્ત, આ જીવનકથાનું પ્રકાશન ઠેલાતું રહ્યું હતું.

૨૨ માર્ચે કિશનભાઈને કોવિડ-૧૯ને કારણે લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પોતાનો દેહ સમાજનાં કાર્યો માટે ઊપયોગી બની રહે એ બાબતે સતત સભાન રહેતા કિશનભાઈ અનેક શારીરિક તકલીફોનો સામનો એક યોદ્ધાની જેમ કરતા આવ્યા હતા. પણ આ યુદ્ધ જીવન સાથેનું તેમનું અંતિમ યુદ્ધ બની રહ્યું. આખરે ૬ એપ્રિલના રોજ વહેલી સવારે તેમણે દેહ છોડ્યો.

તેમનાં પત્ની રસિકાબહેન, પુત્ર દીપકભાઈ, પુત્રવધૂ સેજલબહેન, પુત્રી સાધનાબહેન, જમાઈ નૈમિષભાઈ અને તેમનાં સંતાનો—એમ સમસ્ત ગોરડિયા પરિવાર કે 'સદ્‌ભાવના સંઘ'નાં સભ્યો તો ખરા જ, પણ કિશનભાઈના સંપર્કમાં આવ્યાં હોય એવા સહુ કોઈને એક વડીલ-મિત્ર-શુભચિંતક ગુમાવવાની લાગણી કિશનભાઈની વિદાયથી અનુભવાશે.

E-mail : bakothari@gmail.com

## સદ્‌ગત અરવિંદ દેસાઈ / ઉત્તમ પરમાર

**ભારતીય** સંસ્કૃતિ અને ભારતીય સમાજ વ્યવસ્થામાં કહેવાતા ભગવાન બની જવું સહેલુ છે, પરંતુ હૃદયમાં સામાજિકન્યાય માટેનો આતશ જલતો રાખીને શોષિતો,વંચિતો ,પીડિતો,શ્રમિકો અને ગરીબોની પડખે ઊભા રહેવું એ સૌથી અઘરામાં અઘરી જીવન સાધના છે, સમાજ સાધના છે..!

શ્રી અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈ સાચા અર્થમાં એવો સમાજસાધના કરનારાને પારકી છઠ્ઠીના જાગતલ જીવન સાધક હતા.

મહાજનીય પરંપરાના, જમણેરી, મૂડીવાદ, મધ્યમ વર્ગીય માનસિકતાવાળા ગુજરાતમાં જો તમે જમીનદારો, **ઉદ્યોગપતિઓ**, વેપારીઓની અમાનવીય શોષણ મુલક જીવનશૈલીને પુરસ્કૃત કરો અથવા ચલાવી લ્યો તો એ સ્થાપિત વર્ગો તમને દાતા પાતાની સંસ્કૃતિ મુજબ અનેક પ્રકારની સેવા પ્રવૃત્તિ તમારી પાસે કરાવીને તમને મહાન લોકસેવક તરીકે પ્રસ્થાપિત કરીને તમારું દેવતુલ્ય બહુમાન કરી આપે.

પરંતુ જો તમે એ જ જમીનદાર,જાગીરદાર,ઉદ્યોગપતિ,વેપારીને ત્યાં કામ કરતા "શ્રમદેવતાના"શ્રમના આર્થિક સામાજિક મૂલ્ય માટે કે એ શ્રમિકના શ્રમના લઘુતમ વેતન ધારા માટે કે તેના કામના સમય માટે ન્યાયની અપેક્ષા રાખો કે ન્યાય માટે લડત આપો તો આ સ્થાપિત વર્ગો તમને આતંકવાદી, નકસલવાદી કે વર્ગવિગ્રહના પિતા તરીકેનું બહુમાન કરીને તમારું ચારિત્ર્યહનન સાતત્ય પૂર્વક કરતા રહે છે. અરે તમારા પર શારીરિક હુમલાઓ કરી કરાવીને હત્યા કરવા સુધીના આયોજન કરતાં હોય છે.

મહાત્મા ગાંધીએ ભારતીય સ્વાતંત્ર્ય ચળવળ અને ભારતીય આઝાદીનું જનવાદીકરણ કરીને પ્રત્યેક વ્યક્તિના સમાન હક અને પ્રત્યેક વ્યક્તિની સમાન ભાગીદારી માટેનું જન આંદોલન શરુ કર્યું ત્યારે તેમના એ વિચારની અરવિંદભાઈ દેસાઈ અને તેમના પિતાજી છોટુભાઈ દેસાઈ પર એવી અસર પડી કે આ બંને માથાફરેલ બાપ દિકરાઓ અનાવલા મટીને હળપતિ સમાજના પારકી છઠ્ઠીના જાગતલ એવા 'છોટુ દુબળી' અને 'અરવિંદ દુબળી' બની ગયા.

આજે દક્ષિણ ગુજરાતના હળપતિ સમાજમાં જેટલું પણ આર્થિક-સામાજિક સશક્તિકરણ થયું છે તેનું શ્રેય છોટુભાઈ દેસાઈ, ઝીણાભાઈ દરજી અને અરવિંદભાઈ દેસાઈની ત્રિપુટીને જાય છે.

જુગતરામ દવે કહેતા હતા કે મારું વેડછી આંદોલન સફળ રહ્યું છે તેનું સૌથી મોટું શ્રેય ઝીણાભાઈ દરજી અને અરવિંદભાઈ દેસાઈના શિરે જાય છે.

દક્ષિણ ગુજરાતમાં ડાંગથી લઈને ડેડીયાપાડા સુધી જે હળપતિ આદિવાસીઓ માટેની આશ્રમશાળાઓની શૃંખલા રચાઈ છે તેનું મહત્તમ શ્રેય અરવિંદભાઈ દેસાઈને જાય છે.

પોતાના જ સ્થાપિત વર્ગના મિત્રો સાથે સહજીવન જીવતા જીવતા હળપતિ સમાજને સામાજિક ન્યાય અપાવવા માટે પોતાના જ મિત્રો દ્વારા અરવિંદ ભાઈને નિવસ્ત્ર કરીને મરણતોલ માર મારવામાં આવ્યો હતો છતાં તેની જરા પણ કટુતા ધારણ કર્યા વગર અરવિંદભાઈએ પોતાના મિત્રો સાથે મિત્રતા જાળવીને હળપતિઓને સામાજિક ન્યાય અપાવ્યો છે.

અરવિંદભાઈ દેસાઈ મહાત્મા ગાંધીના ઉદ્દેશવાળી ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ લઈને મહાત્મા ગાંધાની કલ્પનાનાં શિક્ષિત બનીને મહાત્મા ગાંધીની કલ્પના મુજબ જ સમાજના સશક્તિકરણ માટે સમર્પિત થઈ ગયા હતા.

આવા હળપતિ સમાજના કલ્યાણ મિત્ર અને રામ મનોહર લોહિયા જેને 'કજાત ગાંધીવાદી' કહે છે તેવા મહાત્મા ગાંધીને પ્રિય એવા શ્રી અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈ આપણને અલવિદા કરી ગયા છે.

ચાલો, આપણે સૌ કહેવાતા સંત અને કહેવાતા ભગવાનને રવાડે ચઢવાનું પડતું મૂકીએ અને સાચા અર્થમાં **હૃદય**પૂર્વક જેના ભાગ્યમાં સામાજિક અને રાજકીય આઝાદીના ફળો નથી આવ્યા તેમની પડખે ઉભા રહીને તેમનું આર્થિક સામાજિક શૈક્ષણિક અને રાજકીય સશક્તિકરણ કરવામાં આપણી જાતને સમર્પિત કરીએ,... આ જ અરવિંદ ભાઈને સાચી શ્રધ્ધાંજલિ.

E-mail : kimeducationsociety@rediffmail.com

# રક્ષક જ ભક્ષક અને સંરક્ષક મૂકબધિર / રમેશ સવાણી

મહિલાના ગુપ્તાંગમાં જે પોલીસ અધિકારીએ પથ્થર ભર્યા; તેને રાષ્ટ્રપતિએ ગૅલેન્ટ્રી ઍવૉર્ડ આપ્યો !

આદિવાસી એક્ટિવિસ્ટ હિમાંશુકુમારની ફેસબૂક પોસ્ટ રૂંવાડા ઊભા કરી મૂકે તેવી છે. છત્તીસગઢના બિજાપુરમાં ૨૨ જવાનો ૩ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ શહીદ થઈ ગયા. તે ગરીબ પરિવારના કિસાનોના પુત્રો હતા; બંદૂકધારી મજૂર જ કહેવાય. પોતાના બાળકોના પેટ ભરવા બંદૂક ટાંગીને નેતાઓની યોજના અનુસાર ગરીબ લોકોને મારવા માટે ગામડામાં મોકલી દેવાય છે. દલીલ એવી કરાય છે કે અશાંતિ માટે માઓવાદી દોષી છે; માઓવાદી ન હોત તો દેશમાં શાંતિ જ શાંતિ હોત. આરોપ એ પણ મૂકવામાં આવે છે કે માઓવાદી વિકાસના કામો થવા દેતા નથી! શું જ્યાં માઓવાદી નથી ત્યાં શાંતિ છે? ત્યાં ભ્રષ્ટાચાર સમાપ્ત થઈ ગયો છે? શું ત્યાં વિકાસ થઈ ગયો છે? સવાલ એ છે કે જે લોકો આદિવાસીઓના માનવાધિકારના હનનના મુદ્દા ઉઠાવે છે; વિકાસના ખોટા મોડલ, પર્યાવરણ, આદિવાસીઓની આજીવિકા અને જળ/જમીન/જંગલના મુદ્દાઓ ઉઠાવે છે તેમને સરકાર શા માટે જેલમાં પૂરે છે?

અદાણી દ્વારા છત્તીસગઢમાં અવૈધ રીતે ખાણો હડપવા અને ૨૦,૦૦૦ વૃક્ષો કાપવા બાબતે લખી રહ્યો છું. હું પાછલા બે વરસથી આદિવાસીઓએ તેમની સામે આંદોલન કર્યું જેથી સરકારે મજબૂર થઈને હાલે અદાણીને રોકી દીધેલ છે. આ આંદોલનમાં જોડાયેલ ચાર યુવાનો-પોદિયા/લચ્છૂ/ગુડ્ડી/ભીમાને ઘેરથી પોલીસ ઉપાડી ગઈ અને ફેઈક એન્કાઉન્ટરમાં મારી નાખ્યા! આદિવાસી મહિલા કાર્યકર્તા હિડમેને જેલમાં પૂરી દીધી અને તેની ઉપર UAPA લગાડી દીધો; જેથી ૧૦ વરસ સુધી જામીન ન મળે. છત્તીસગઢના મુખ્યમંત્રીએ ઘોષણા કરી છે કે હવે આખરી યુધ્ધ લડીશું અને માઓવાદને સમાપ્ત કરીશું! આ પ્રકારની ઘોષણા અનેક વખત થઈ ચૂકી છે. એટલે આવી ઘોષણાથી ડર વધે છે; કેમ કે હવે માઓવાદ વધુ વકરશે! વાસ્તવમાં થાય છે શું? CMની ઘોષણા બાદ SP ઉપર બહાદુરી દેખાડવાનું દબાણ વધશે. માઓવાદી તો એમને મળતા નથી એટલે એમના જવાનો જઈને નિર્દોષ આદિવાસીઓને મારશે. અમારી જેવા સામાજિક કાર્યકર્તા તેના વિરુધ્ધ બોલશે તો અમને માઓવાદી સમર્થકનો સિક્કો મારી દેશે!

માઓવાદીને આદિવાસીઓથી તાકાત અને સમર્થન મળે છે. આદિવાસીઓ ઉપર જેટલો વધુ જુલમ થાય એટલા વધુ તેઓ માઓવાદીને પોતાના દોસ્ત સમજશે. આદિવાસીઓને સન્માન આપો; એમની વાત સાંભળો; એમની સાથે અન્યાય થાય તો ન્યાય આપો. સમસ્યા દૂર થઈ જશે ! પરંતુ આપણું વહિવટી તંત્ર/આપણી સરકાર/કોર્ટ આદિવાસી વિરુધ્ધ કામ કરે છે. 'સલવા જુડૂમ' મુવમેન્ટમાં આદિવાસીઓના ૬૫૦ ગામો પોલીસે સળગાવી દીધા. હજારો મહિલાઓ સાથે જવાનોએ બળાત્કાર કર્યા. હજારો નિર્દોષ આદિવાસીઓને માઓવાદી ચીતરીને જેલમાં ઠૂંસી દીધાં. ૧૨ વરસની આદિવાસી છોકરીઓના સ્તન/ગુપ્તાંગો ઉપર વીજળીના તાર વડે ડામ દીધા અને તેને જેલમાં પૂરી દીધી. આ બધું મેં ઉજાગર કર્યું ત્યારે મારા સમર્થનમાં જેલર વર્ષા ડોંગરેએ લખ્યું કે 'હિમાંશુકુમાર સાચું કહે છે. મેં પણ જેલમાં આવી આદિવાસી છોકરીઓ જોઈ હતી અને હું ધ્રૂજી ગઈ હતી.' એ પછી સરકારે આદિવાસીઓને ન્યાય આપવા અને દોષી પોલીસવાળાને સજા કરવાને બદલે જેલર વર્ષા ડોંગરેને જ સસ્પેન્ડ કરી દીધા! આદિવાસીઓ ઉપર થતા સરકારી જુલમ સામે અમે સુપ્રિમકોર્ટમાં ગયા ત્યારે સુપ્રિમકોર્ટે 'સાલવા જુડૂમ'ને ગેરબંધારણીય ઠરાવ્યું અને છત્તીસગઢ સરકારને આદેશ કર્યો કે ૬૫૦ ગામોને ફરી વસાવો/દોષી પોલીસ સામે એફઆઈઆર કરો/ આદિવાસીઓને વળતર આપો. પરંતુ સરકારે એક પણ આદેશનું પાલન ન કર્યું. સુપ્રિમકોર્ટના આ આદેશ બાદ અમારી સંસ્થાના કાર્યકર્તાઓએ ૪૦ ગામને ફરી વસાવી દીધા અને પોલિસના ગુનાઓ અંગે ૫૧૯ ફરિયાદો કલેક્ટર/એસપી અને સુપ્રિમકોર્ટને સોંપી પરંતુ બદલામાં સરકારે અમારા આશ્રમ ઉપર બુલડોઝર ચલાવી દીધું અને મારા કાર્યકર્તાઓને જેલમાં પૂરી દીધા. જે રાતે પોલીસ દ્વારા મારું એન્કાઉન્ટર થવાનું હતું; તે રાત્રે મારે છત્તીસગઢ છોડવું પડ્યું.

ભારતના બંધારણની પાંચમી અનુસૂચિમાં આદિવાસીઓને વિશેષ અધિકાર આપવામાં આવ્યા છે. બંધારણે રાષ્ટ્રપતિને આદિવાસીઓના સંરક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. રાષ્ટ્રપતિ જ્યારે ઈચ્છે ત્યારે સરકારને પૂછ્યા વિના આદિવાસીઓના હિતોની રક્ષા માટે સીધી કાર્યવાહી કરી શકે છે. પરંતુ આદિવાસીઓના ૬૫૦ ગામો સળગાવીને ઉઝાડી નાખ્યા હોય; પોલીસોએ હજારો આદિવાસી મહિલાઓ સાથે બળાત્કાર કર્યા હોય; આજ સુધી રાષ્ટ્રપતિએ આદિવાસીઓના પક્ષમાં એક વખત પણ પોતાના એ અધિકારનો ઉપયોગ કર્યો નથી. ઊલટાનું દંતેવાડા એસપી અંકિત ગર્ગે આદિવાસી માનવાધિકાર કાર્યકર્તા સોની સોરીના ગુપ્તાંગોમાં પથ્થર ભરી દીધા ત્યારે રાષ્ટ્રપતિએ તેને ગૅલેન્ટ્રી-વીરતા પુરસ્કાર આપ્યો ! છત્તીસગઢની અગાઉની સરકારે કોઈ કાર્યવાહી ન કરી; પરંતુ હાલની કૉંગ્રેસ સરકારે પણ તેમની સામે કોઈ કાર્યવાહી ન કરી! જ્યાં અન્યાય છે ત્યાં શાંતિ હોઈ શકે નહીં. જવાનોની બંદૂકના દમ પર બસ્તરમાં શાંતિ સ્થાપી શકાય નહીં. બસ્તરમાં સીઆરપીએફની વધુ બટાલિયન ડીપ્લોઈ કરવાથી શાંતિ સ્થપાઈ જાય, એ શક્ય નથી. માઓવાદ વિકાસના ખોટા મોડલ/સરકારી જુલમ/અન્યાયના કારણે મજબૂત થઈ રહ્યો છે. ન્યાય આપો શાંતિ આવી જશે ! પરંતુ આપણી સરકાર તો ન્યાયની વાત કરનારને જ જેલમાં પૂરે છે. જેણે આખી જિંદગી ગરીબ શ્રમિકો માટે વિતાવી એ સુધા ભારદ્વાજને જેલમાં પૂરેલ છે. ઝારખંડની જેલમાં ૪૦૦૦ નિર્દોષ આદિવાસીઓ છે; તેની યાદી ફાધર સ્ટેન સ્વામીએ પ્રકાશિત કરી એટલે એમને જેલમાં પૂર્યા ! મારા પિતાએ ગાંધીજી સાથે કામ કર્યું હતું. હું અને મારી પત્ની લગ્નના વીસ દિવસ બાદ ૧૯૯૨માં દંતેવાડા આવી ગયા હતા અને ગામમાં ઝૂંપડી બાંધી રહેતા હતા. વિનોબા ભાવેની માનસપુત્રી નિર્મલા દેશપાંડેએ મને બસ્તર જવા પ્રેરિત કર્યો હતો અને કહ્યું હતું કે 'હિંસાગ્રસ્ત વિસ્તારમાં ગાંધીની અહિંસાની શક્તિને સાબિત કરો !' મારો દાવો છે કે જો સરકાર સામાજિક કાર્યકર્તાઓને જેલોમાંથી મુક્ત કરે/આદિવાસી નેતાઓ અને માનવાધિકાર કાર્યકર્તાઓ સાથે વાત કરીને; આદિવાસી વિસ્તારમાં ન્યાય અને વિકાસના કામ કરે તો નિર્દોષ જવાનોની હત્યા રોકી શકાય. અમે જ્યારે બસ્તરમાં ૪૦ ઉઝડેલા ગામ ફરી વસાવ્યા ત્યારે છ મહિના સુધી એ વિસ્તારમાં એક પણ જવાનની હત્યા થઈ ન હતી. મેં આ વાત દંતેવાડાના તત્કાલિન એસપી રાહુલ શર્માને કહી હતી; પરંતુ તેમના મનમાં અમારા પ્રયાસ માટે માન ન હતું; તેમણે જ અમારા આશ્રમ ઉપર બુલડોઝર ફેરવી દીધું. સિંગારમમાં ૧૯ આદિવાસીઓને લાઈનમાં ઊભા રાખી ગોળીથી ઉડાવી દીધાં ! થોડા વર્ષો બાદ રાહુલ શર્માએ પોતાની રીવોલ્વરથી ખુદને ગોળી મારી દીધી. ૧૯ આદિવાસીઓને રહેંસી નાખ્યા તે કેસ ૧૨ વરસથી કૉર્ટમાં પેન્ડિંગ છે; કોઈને સજા નથી થઈ ! વાંક સરકારનો છે. મિનિસ્ટર પૂંજીપતિઓના દલાલ તરીકે કામ કરે છે. જેના ઈશારે આદિવાસીઓને એમની જમીનથી ખસેડવામાં આવી રહ્યા છે. આદિવાસીઓનો અવાજ બુલંદ કરનાર સામાજિક કાર્યકર્તાઓ સરકારને આંખના કણાની જેમ ખટકે છે ! સરકારોને જવાનોની મોતથી કોઈ ફરક પડતો નથી; સરકારને તો ઈન્વેસ્ટમેન્ટ/પૂંજીપતિઓની કૃપા અને તેમાં મળનાર કમિશનમાં જ રુચિ હોય છે ! પરંતુ અમને કિસાનના દીકરા જવાનોના મોતથી દુ:ખ થાય છે અને ઊંડો ફરક પડે છે; એટલા માટે અમે શાંતિની સાચી કોશિશ કરતા રહીશું અને ન્યાય માટે અવાજ ઉઠાવતા રહીશું; ભલે સરકાર અમને જેલમાં પૂરે !

પડખાં ફેરવતી રાત... ● અનુ. પૃ. ૧થી...

વાત કરતે કરતે ગુજરાત બહાર ચાલ્યા જ ગયા છીએ તો દિલ્હી હાઈકોર્ટની એક તરોતાજા ટિપ્પણી પણ સંભારી લઈએ. નિઝામુદ્દીન મરકઝમાં ઈબાદત બાબતે સંખ્યાબંધી ફરમાવવાની માગણી કરતી એક લોકહિતની અરજી ફગાવતા દિલ્હી હાઈકોર્ટે કહ્યું છે કે જો અન્ય ધર્મમથકોએ આવી કોઈ બંધી ન ફરમાવાતી હોય તો માત્ર નિઝામુદ્દીન મરકઝ માટે જ તે કેમ હોય? જોકે, હાઈકોર્ટની આ ટિપ્પણી સંબંધિત સરકારોનાં બેવડાં ધોરણોને ઉજાગર કરી આપે છે એટલા પૂરતો એનો ઉલ્લેખ કર્યા પછી અને છતાં સ્પષ્ટ શબ્દોમાં એ એક વાત કહેવી અને વારંવાર દોહરાવવી રહે છે કે રાજકીય કે ધાર્મિક કોઈ પણ ભીડ અંગે, કોઈપણ ધર્મસંપ્રદાય કે પક્ષના ભેદભાવ વગર, સરકારે સરકારપણું દાખવી નિયમન મૂકવું અને વળાવવું રહે છે.

વાત સીધી સાદી એ છે કે સરકાર થયા તો સરકારપણું દાખવી જાણો. પાટીલ-રૂપાણી ઉદ્દ્ગારો સરકારના સરકારપણા વિશે સવાલો પેદા કરે છે. રાજ્ય પોતાનું રાજ્ય તરીકેનું કર્તવ્યપાલન ન કરે અને પોતાને અંગેનાં ટીકાવચનોમાં તરત ‘રાજદ્રોહ’નું લાલ લૂગડું જુએ! અંગ્રેજ સરકારનું આ લક્ષણ, સ્વાતંત્ર્યોત્તરમાં તેમ હાલની સરકારો પણ જોવા મળે છે.

મહામારીના ગાળામાં વ્યક્તિગત ને પ્રજાકીય સ્તરે અપેક્ષિત શિસ્ત બાબતે બેમત નથી. માત્ર, એવું પાલન ઈચ્છતી સરકાર પાસે ધારાધોરણ અને વિવેકની અપેક્ષા છે તે છે. પંદરમી એપ્રિલે રાજ્ય સરકાર હાઈકોર્ટમાં એફિડેવિટ કરી પોતાની કાર્યભૂમિકા સ્પષ્ટ કરશે ત્યારે એમાં આવાં દર્શન થયા હશે?

એપ્રિલ ૧૩, ૨૦૨૧ **પ્ર.ન.શા.**

## ‘જાહેર બૌદ્ધિક’ કોને રે કહીશું? / ડંકેશ ઓઝા

**પ્રતાપ** ભાનુ મહેતાએ અશોક યુનિવર્સિટીમાંથી રાજીનામું આપ્યું અથવા તો આપવું પડે એવા સંજોગો ઉભા થયા ત્યારથી ‘પબ્લિક ઈન્ટેલેક્ચ્યુઅલ’એ શબ્દપ્રયોગ ખૂબ નજરે ચઢ્યો છે.

‘જાહેર બૌદ્ધિક’ એવું ગુજરાતી પણ જાણીતું છે. હવે એ કોણ અને કેમ કહેવાય તે વિશે વિચાર કરવાનું થાય. બધા શિક્ષિતજનોને જેમ બુદ્ધિશાળી ન કહેવાય તેમ બધા બુદ્ધિશાળીઓ માટે બૌદ્ધિક શબ્દ પણ ન પ્રયોજાય. આવા સંજોગોમાં ‘જાહેર બૌદ્ધિક’ કોને કહેવાય તે વિચારવા જેવું તો ખરું. સારું છે કે પ્રતાપ ભાનુ મહેતા બાબતે કોઈએ આવો સવાલ ઉભો કર્યો નથી અને હું પણ તેમ કરવા માંગતો નથી પણ થોડી જાહેર સ્પષ્ટતા થાય તો સારું એવું જરૂર ઇચ્છું.

જાહેર એટલે પ્રજા એવો એક અર્થ ખરો. વ્યાપક પ્રજાને સ્પર્શતી બાબતો એટલે જાહેર બાબતો. બહુ બધા પ્રજાજનો છે અને બહુ થોડા નાગરિકો છે. પ્રતાપ ભાનુ મહેતાનો કિસ્સો જાણનારા અને સમજનારા પણ બહુ થોડા જ. એમને વાંચે તે કદાચ એમના વિશે થોડું જાણે. હવે જાહેર બૌદ્ધિક એવો હોય ખરો જેને જાહેર જનતા જાણતી પણ ન હોય ?

બૌદ્ધિકજગત પ્રેમ ગલીની માફક અતિ સાંકડું બની ગયું છે. લોકોને ખબર જ નથી કે લોકોના પ્રશ્નો વિશે ચિંતા કરનારા અને લખનારા કોણ છે ? તેમની સાચી ખોટી વિશ્વસનીયતાનો પ્રશ્ન તો પછી આવે! લોકો તો સાચા ખોટા રાજકીય વર્ગને જ ઓળખે છે.

હર્ષદ દવે મારા સ્મરણસ્થ વડીલમિત્ર મને પડકારતા અને કહેતા કે તમે પાનના ગલ્લે ઉભા રહેતા નથી, બસમાં ફરતા નથી, ચોરે ચૌટે બેસતા નથી અને જાહેર બાબતો વિશે લખો છો તે તમને શી ખબર પડે ? આ વાત પણ ખોટી તો નહીં.

‘જાહેર બૌદ્ધિક’ જાહેર બાબતોનો કેટલો જાણકાર એ પ્રશ્ન તો સાચો. તે પ્રજાની નાડ કેટલી પારખે એ પણ ખરું. આ જુવારું કેમ ઉભું થાય છે તેની જાહેર ચિંતા કરવાનો પણ આ અવસર છે એવું મને તો સમજાય છે.

આ ચર્ચા ચાલે, મંથન થાય અને કંઈક નવનીત સાંપડે તો લાભ બન્ને પક્ષે થાય એવું લાગ્યા કરે છે.

## અડધું અને અડધું / ઉમેશ સોલંકી

ખાટલાનું ઢાળવું
પગનું હલાવવું
કલવર બની ગયું હતું અવાવરુ.
બુટ્ટીમાં ડોલે સરવરના હંસ,
નથણીને મળતો ચંદ્રનો સંગ,
વાળમાં બારમાસી નદીના કાંપનો રંગ.
ચોટલામાં અઘોરીના મારણનું ખેંચાણ,
ઘેલછામાં ખેંચે રિબનનું ફૂમતું લાલ,
પાંથી લાગે કાળી લાદી પર પડેલી દૂઝણી ગાયના આંચળની ધાર.
હસવું તારું ખેંચાતી ડોલમાંથી કૂવામાં પાણીનું પડવું,
બોલવું તારું ખેતરની નીકમાં ખળખળ કરવું,
ન બોલવું તારું શેઢાના ઘાસનું મંદ-મંદ હલવું.
ખાટલેથી એમ તું થઈ ઊભી,
હવાને પંડથી ઠેલી મૂકી,
થોડી ટાઢક વળી થોડી જેહુ ઊડી.
બુઝારાને અડકી રણકી બંગડી,
ગોળાનું પાણી હિલોળાયું ઘડી,
પાણીને ઘટમાં ગતિ મળી.
કબજાનો એક ટાંકો તૂટેલો,
વાદળનો એમાં ટુકડો ઘૂસેલો,
વરસાદ પણ લાગે રસ્તો ભૂલેલો.

આંગળી ફેરવી પોપચાંની પાસ,
ખિસ્સાના ખૂણા પર દેખાયો શાહીનો ડાઘ,
ખોલી અડધી લખેલી ડાયરી લાલ,
વાંચ્યું વચ્ચેથી અડધું પાન.
અડધામાં દોડધામ, ના અડધામાં કામકાજ,
આખામાં અડધું અડધામાં આખાનો ઠાઠમાઠ,
લંબાતી જાય જીવતરની ચીરફાડ,
ગૂંથાતી જાય સંસારની રીતભાત.

(૧૪ એપ્રિલ,૨૦૨૧ના રોજ પ્રકાશિત કાવ્યસંગ્રહ ‘અણસાર’માંથી)

### ગ્રાહકોને

- બૅંકમાં ડાઈરેક્ટ પેમેન્ટ માટે નિરીક્ષક પ્રકાશન, ખાતા નં. 10111977055, એસબીઆઈ, ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, ૧, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪ SBIN0003092 : ભર્યા પછી ઇ-મેલ (prakash.nireekshak@gmail.com) અગર વૉટ્સ અપ/ એસએમએસ (૦૯૮૭૯૯૧૯૪૨૧)થી સરનામા સહિતની વિગતે ખબર આપો.

**બાંગલા સુવર્ણ જયંતી અને આપણે** ● અનુ. પૃ. ૨થી...

રાવલપિંડીની જોહુકમી તેમજ તે સિવાયનીયે શોષણશાહી અને છતી બહુમતીએ પણ શેખ મુજિબૂર રહેમાનને સમગ્ર પાકિસ્તાનના વડાપ્રધાન નહીં થવા દેવાની દાંડાઈ સહિતના આંતરપ્રવાહોથી જયપ્રકાશ પરિચિત હતા અને ઉત્તરોત્તર પૂર્વ બંગાળ જાણે ઈસ્લામાબાદ હસ્તકનું સંસ્થાન (કોલોની) હોય એવી બદહાલત બાબતે તે સભાન અને સમસંવેદિત હતા. જ્યારે પૂર્વ બંગાળમાં મુક્તિસંગ્રામનો પ્રથમ પ્રસ્ફોટ થયો ત્યારે મુસહરી (બિહાર)ના આંતરિયાળ ગામડામાં દટાઈ નક્સલસંત્રસ્ત ઇલાકામાં સામાન્ય કાર્યકરોની સલામતીની બાલાશ સાથે જનસાધારણની સહભાગી સુખાકારી માટે સેવાજીવનમાં ડૂબેલા જયપ્રકાશે બહારની દુનિયા તરફ ખેંચાઈ વિશ્વમત કેળવવામાં પોતાનો ધર્મ જોયો.

ભાગલા પછી અને છતાં વિનોબા,જયપ્રકાશ,લોહિયા સૌ આખા ઉપખંડને એક એકમ તરીકે કલ્પતા રહ્યા અને કોઇ સમવાયી,અર્ધસમવાયી સમજૂતી ઝંખતા રહ્યા.વિનોબાએ તો એબીસી ત્રિકોણ - અફઘાનિસ્તાન, બર્મા (મ્યાંમાર) અને સિલોન જેવું એકમ - સૂચવ્યું હતું. એક વાકયમાં કહેવું હોય તો ધર્મકોમને નામે રાષ્ટ્રની વ્યાખ્યાનું અને એને અનુસરતા ભાગલાનું સમર્થન એમણે કદાપિ કર્યું નહીં.બાંગલાદેશની ઘટનાને ધર્મકોમ પર આધારિત દ્વિરાષ્ટ્રવાદને નકારનારા ઉન્મેષ તરીકે તેમ સંસ્થાનવાદમાંથી પ્રજાકીય મુક્તિની અથાગ ચાહ તરીકે જયપ્રકાશે જોઈ અને વિશ્વલોકમતને કેળવવા એ નીકળી પડયા. ઇંદિરા ગાંધીના નેતૃત્વમાં, માણેકશાના યોજકત્વમાં લશ્કરી કારવાઇ અડોઅડની આ બિનસરકારી કોશિશ કેટલી અસરકારક રહી હશે એનો અંદાજે અણસાર શેખ મુજિબે છુટકારા પછી લંડન અને દિલ્હીનાં સંબોધનોમાં જે રીતે આદર,આભાર અને કૃતજ્ઞતા સહ જયપ્રકાશનું નામ લીધું એના પરથી આવે છે, પણ ઇંદિરા સરકારે એમના પર જે દબાવ બનાવ્યો એને પરિણામે બંગબંધુએ ઢાકા પહોંચ્યા પછી જે સંબોધન કર્યું એમાંથી જેપીનું નામ ગાયબ હતું.આગળ ચાલતાં એમણે બાંગલાદેશમાં એકાધિકારનો બિનલોકશાહી રવૈયો લીધો જે ઇંદિરાજીના ૧૯૭૫-૭૭ના કટોકટીવાદ જેવો જ હતો.

ખરું જોતાં, કેમકે ચિત્રમાં હિંદુત્વ રાજનીતિ આધારિત ભાજપ છે, બાંગલાદેશ સંદર્ભે બેત્રણ વિશેષ નિરીક્ષણો લાજિમ છે. ભાજપ બાંગલાદેશનું સમર્થન કરે છે ત્યારે હિંદુત્વ રાજનીતિની ધર્મકોમ આધારિત રાષ્ટ્રવ્યાખ્યાનું શું થાય છે? ભાજપ એ વિગત જરૂર આગળ કરી શકે કે અમારા (જનસંઘના) સ્થાપક મુખર્જી પ્રથમ પ્રધાનમંડળમાં જોડાયા ત્યારે હિંદુ મહાસભા સાથે પૂર્વે સંધાન છતાં પ્રધાનમંડળ છોડયા પછી એમણે એમાં પાછા ફરવું યોગ્ય નહોતું ગણ્યું, કેમકે હિંદુમુસ્લિમ સૌને સાર્વત્રિક પુખ્તવયમતાધિકારના પ્રજાસત્તાક બંધારણ પછી કોઇ એક ધર્મકોમબધ્ધ પક્ષ હોય તે એમને ઇષ્ટ નહોતું લાગતું.જનસંઘનું સભ્યપદ મુસ્લિમો માટે આરંભથી જ ખુલ્લું હતું.આ વિગત સાચી છતાં વસ્તુતઃ લંઘાતી અને ઊણીઅલૂણી છે; કેમકે ભાજપે રાષ્ટ્રની ધર્મકોમનિષ્ઠ વ્યાખ્યાનો હિંદુત્વવિચાર છોડયો નથી. જો મુખર્જી હિંદુ મહાસભામાં પાછા ન ફર્યા એ વિચારતાંતણો આગળ લંબાવીએ તો એમણે રાષ્ટ્રની વ્યાખ્યામાં ધર્મકોમ છાંડીને આજકાલ જેને બંધારણીય અગર નાગરિક રાષ્ટ્રવાદ (કૉન્સ્ટિટ્યુશનલ / સિવિક નૅશનલિઝમ) કહેવાય છે તેમાં ઠરવાપણું હતું.

અખંડ બંગાળ અને એના નેતૃત્વની વાત નીકળી જ છે તો મુખર્જી વિશેનો એક કોયડો રજૂ કરું? એ બંગાળમાં ફઝલૂલ હક મંત્રીમંડળના સભ્ય હતા. ૧૯૪૦માં મુસ્લિમ લીગના અધિવેશનમાં પાકિસ્તાનનો જે વિધિવત્ ઠરાવ થયો તે એમણે મૂકેલો હતો. તેમ છતાં, હિંદુ મહાસભાના અગ્રણી મુખર્જી હક પ્રધાનમંડળમાં ચાલુ રહ્યા હતા. દેશને પૂછ્યા વગર અંગ્રેજ સરકારે વિશ્વયુદ્ધમાં આપણને સંડોવ્યા ત્યારે પ્રાંતિક સ્વરાજ અનુસાર રચાયેલાં કૉંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપવું પસંદ કર્યું હતું. હક-મુખર્જી મંત્રીમંડળને આ પ્રકારે વિરોધ નોંધાવવું જરૂરી લાગ્યું નહોતું. આગળ ચાલતાં હિંદ છોડો ચળવળના દિવસોમાં, આ ચળવળ બ્રિટિશ યુદ્ધયત્નમાં અવરોધ કરતી હોઈ તેના નેતાઓને સરકારે પકડવામાં વિલંબ ન કરવો જોઈએ એવી મુખર્જીની સલાહ પણ રેકર્ડ પર છે. (મારા ખયાલ પ્રમાણે મધોકે મુખર્જીનું ચરિત્ર લખ્યું છે. બને કે એમાં આ અંગે કોઈક ખુલાસો કે સમજૂત હોય.) દરમિયાન, અહીં એ પણ સાંભરે છે કે ભારત-પાક વિભાજનની ચર્ચાના મહિનાઓમાં સ્વતંત્ર બંગાળનો વિચાર પણ ચાલ્યો હતો. નેતાજીના ભાઈ શરદચંદ્ર બોઝ વગેરેએ એની પહેલ કરી હતી. મુખર્જી એમાં નહોતા, કેમ કે સ્વતંત્ર બંગાળમાં મુસ્લિમ બહુમતી હોત. આવી જ અમૂઝણ અખંડ પંજાબના રાજકારણમાં પૂર્વે લજપતરાય જેવાઓને પણ થયેલી સમજાય છે. ભારતમાં હિંદુ બહુમતી પણ પંજાબમાં મુસ્લિમ બહુમતી એ પ્રશ્ન હતો. બંધારણીય અને નાગરિક રાષ્ટ્રવાદના ખયાલ પાસે એનો ઉકેલ હોઈ શકતો હતો, પણ... પ્રાંતિક સ્તરે મુસ્લિમ બહુમતીના ખયાલે બંગભંગ વખતની એકતાને આગળ ચાલતાં પાછી પાડી અને જે 'ભદ્રલોક' હતો તેને મુસ્લિમ બહુમતીવાળા અખંડ બંગાળથી હટીને વિભક્ત ભારતમાં ગોઠવાવું વધુ સલાહભર્યું લાગ્યું એ ઇતિહાસવસ્તુ છે.

સ્વરાજ માત્ર કૉંગ્રેસને નથી મળ્યું, સૌને મળ્યું છે એવી પકવ સમજને ધોરણે ગાંધીનહેરુપટેલની સ્વરાજત્રિપુટીએ જેમાં હાડના કૉંગ્રેસવિરોધી આંબેડકર અને મુખર્જી પણ હોઇ શકે એવું પ્રધાનમંડળ રચવાનો પથ પ્રશસ્ત કર્યો હતો. પૂર્વ બંગાળ(પાકિસ્તાન)માંથી હિંદુ હિજરત ચાલુ રહી ત્યારે મુખર્જીએ પ્રધાનમંડળ છોડયું હતું અને પ.બંગાળ પાછા ફર્યા હતા.નેહરુએ પાકિસ્તાન સાથે સમજૂતી કરી કે સરહદની બંને બાજુએ લઘુમતી પંચ હોવું જોઇએ જેથી ભારતના મુસ્લિમો કે પાકિસ્તાનના હિંદુઓ પોતાને અરક્ષિત ન અનુભવે. પાકિસ્તાન સાથે સમજૂતીની જરૂરત ક્ષુબ્ધ ને રોષે ભરાયેલ પ.બંગાળને સમજાવવાની ફરજ ભાંગલી તબિયતે કોલકાતા પહોંચી વલ્લભભાઈએ બજાવી હતી.(૨૦૦૨ના ગુજરાતમાં સત્તામંડળીને સારુ લઘુમતી પંચ અને માનવ અધિકાર પંચ નઠારા વિપક્ષરૂપ બલકે શત્રુવત્ હતાં, એ સાંભરે છે?)

૧૯૯૨ની છઠ્ઠી ડિસેમ્બરને પગલે બાંગલાદેશમાં હિંદુવિરોધી હુલ્લડો થયાં હતાં એ જાણીતું છે.એ અરસામાં આપણે ત્યાં એક સંવેદનશીલ વીરનાયિકા લેખે ઉભરેલું વ્યક્તિત્વ તસલિમા નસરીનનું હતું. 'લજ્જા' નવલકથામાં એમણે બંગબંધુ સમર્થક હિંદુ પરિવાર પરનો કોમી આતંક ચીતર્યો હતો. સ્વાભાવિક જ ભાજપ વર્તુળોમાં (જેમ દેશના મોટા ભાગના લોકોમાં) નસરીનનું નામ ઉંચકાયું હતું. બાંગલા મુલ્લાશાહીથી સંત્રસ્ત તસલિમાએ ભારતમાં શરણ લીધા પછી કેટલેક વર્ષે 'લજ્જા'ની અનુનવલ લખી છે જેમાં પેલો બાંગલા હિંદુ પરિવાર ભારતમાં સ્થાયી થઇ હિંદુત્વ રાજનીતિમાં જોડાઇ અંતે કેવો પાછો પડે છે અને હતાશા અનુભવે છે એનું ચિત્ર જોવા મળે છે. ભાઇ, ઉગાર ધર્મકોમની રાજનીતિમાં નથી પણ બંધારણીય રાષ્ટ્રવાદ ખીલવવામાં છે. આજના બાંગલાદેશમાં પણ બિનસાંપ્રદાયિક અભિગમ છતાં આ પ્રકારના પ્રશ્નો જાગતા રહે છે એમ વખતોવખત મળતા હેવાલો પરથી સમજાય છે. ગમે તેમ પણ, 'લજ્જા' વખતે ગા-ગા-લ-ગા સૌને સારુ એની અનુનવલ જાતતપાસમાં મદદરૂપ જરૂર થઈ શકે. બાંગલાદેશની સુવર્ણજયંતીએ ભારત સારુ એમાં ખાસું ખાણદાણ રહેલું છે.

બાંગલાદેશની સુવર્ણજયંતી જેમ હરખટાણું તેમ પડકારટાણું લઇને આવે છે. ઇતિહાસનો બોધપાઠ સરહદની બંને બાજુએ સદૈવ સંભળાતો અને સમજાતો રહો. બંગબંધુ અને ઇંદિરા ગાંધી કે શેખ હસીના અને નરેન્દ્ર મોદી, અવામી લીગ કે ભાજપથી હટીને એ મૂલ્યો પણ ધ્યાન ખેંચતાં રહો જે ગાંધીનહેરુપટેલની આબોહવામાં ભારત સરકારે સ્થાપવા કોશિશ કરી હતી અને ગાંધીજેપીલોહિયાની પ્રજાસૂય ભૂમિકામાં જેની સતત જિકર થતી રહે છે. .

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

હળવે હલેસે

# ત્યારે લખીશું શું?

શિલ્પા ભટ્ટ દેસાઈ

''ભટ્ટજી, વાર્તા બહુ મોટી છે. કાપવી પડશે.''

''એમ? મનેય એવું લાગ્યું હતું, પણ પછી થયું કે ચાલી જાય તો ચલાવી દઈએ.''

''નથી ચાલે એવું.હવે આપણી પાસે ડેડ લાઈન પૂરી થવામાં છે.તો તમે વેળાસર ઍડિટ કરી આપશો કે અહીં કોઈ કાપે?''

''ના ભઈઈઈ... જોજો હોં... અમે હમણાં જ મોકલીએ છીએ. એક કામ કરીએ ? નવી જ વાર્તા કે લેખ આપીએ તો કેમ રહેશે? તમે કંઈ ના કાપતા.'' ગભરાઈને અમે બોલવામાં ગરબડ કરી નાંખી.ને સામેવાળાએ તો ''હા, એ વધુ સારું.'' કહીને ફોન મૂકી દીધો.

પ્રતિષ્ઠિત પ્રકાશનસંસ્થામાંથી લખવાનું આમંત્રણ મળ્યું એના અતિ ઉત્સાહમાં શબ્દમર્યાદા કરતા લગભગ ત્રણગણું લખાણ લખાઈ ગયું. મૌલિક લખવુ અને તેય શબ્દમર્યાદામાં બંધાઈને એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે. મોટા ભાગે શબ્દમર્યાદા જેટલા શબ્દો પૂરા કરતાંય ભલભલા ચમરબંધી ફાટી પડે છે. ત્રણ ગણું વધુ લખાઈ જવા છતાંય અમારા મનમાં અહંકાર સગીરે પ્રવેશ્યો નહીં એય પોતાની એક સિદ્ધિ જ કહેવાય વળી!

ખેર, અમારે લખવા માટેની સામગ્રી તો લાવવાની નહોતી. હવે 'લખીશું શું'નો વિચાર કરતાં કરતાં અમે ખાસ લેખ લખવા જ આણેલાં રાઈટિંગ પૅડ, પેન ખાનામાંથી બહાર કાઢયાં. રફ ડ્રાફ્ટ લખવા માટે ૨૦૧૬ની જૂની ડાયરી કાઢી. સારાં પાનાં હોવાથી લખવાની મજા આવશે એમ વિચારીને અમે મમતાથી પાનાં પર હાથ ફેરવ્યો. જાણે એ પાનું પણ અમને લખવા માટે નિમંત્રી રહ્યું હોય એમ લાગ્યું. આની પહેલાંની વાર્તા એક પ્રેમકથા હતી. વળી પેલો જાદુઈ ઇસ્કોતરો ખોલ્યો, જેમાં અમે વિષયવાર કટિંગ સાચવી રાખેલાં. આજે એ કામ લાગી જશે એવી કોને ખબર હતી!

ઓહો, આ તો કવિતા જેવું કંઈક રચાઈ જશે કે શું અમારાથી? ફરીથી થોડો વિચાર કર્યો અને ડાયરી ખોલી. ખાલી ડાયરીમાં સ્વસ્તિકનું શુભ ચિહ્ન દોરીને શરૂઆત કરેલી તો એમાં કોઈ જ સમસ્યા સર્જાઈ ન હતી એ અમને બરાબર યાદ હતું.આમ તો અમે એવા બધાં શુકન-અપશુકનમાં માનતા નથી, પણ આ કેસમાં અમે હવે કોઈ ચાન્સ લેવા માંગતા ન હતા, યુ સી. લાલ રંગની સ્કૅચપેન શોધી એમાં થોડું મોડું થયું. પણ જેમ થતું હોય એમ જ થાય. કોઈ જગ્યાએ ભૂરા રંગનો સ્વસ્તિક ચીતરેલો જોયો નથી. રસોઈ, બાળઉછેર,ઘરશણગાર,પર્સનાલિટી ડેવલોપમેન્ટ વગેરે વગેરે જેવા વિષયો અમારે મન ચૅલેન્જિંગ નથી.રસોઈમાં એક-બે ગરબડ થાય પછી ઑટોમૅટિક આવડી જ જાય, તેનું કંઈ રૉકેટ સાયન્સ નથી.બાળકોય કંઈ આખી જિંદગી બાળક રહેવાનાં નથી. ઘરશણગારમાં આર્ટિફિશિયલ કે સાચા ફૂલનાં બેચાર કૂંડાં આમતેમ ગોઠવી દઈએ કે વાત પૂરી. પર્સનાલિટી તો આંતરિક બાબત છે. જેટલું અંતરમન સ્વચ્છ એટલી જ બાહ્ય છબી ચમકદાર! એમાં કંઈ ધાડ મારવાની નથી. આ ચાર ટૉપિક ઊંચા મૂકયા એટલે વિચારવાના રહ્યા આર્થિક અને સાહિત્યિક મુદ્દા!

હજુ હમણાં જ બજેટ રજૂ થયું છે. એટલે બૅક ઑફ માઇન્ડમાં દેશની નાણાકીય હાલત વિશે તરોતાજા ખયાલો ભરેલા જ છે. તેમ છતાંય રેફરન્સ માટે પેલાં સંકટ સમયની સાંકળ સમાં કટિંગ્સ ઉથલાવ્યાં. આર્થિક બાબત આવે એટલે અખબારોમાં ગુલાબી ગુલાબી રંગ થઈ જાય. પિંક ફૉર ગર્લ ને બ્લુ ફૉર બૉય, એવું અંગ્રેજીમાં કંઈક કહેવાય છે, પણ આ આર્થિક બાબતો જેવા કઠોર મુદ્દાઓમાં કોમળ ગુલાબી રંગની હાજરી શું કરે છે એ હજી અમને સમજાયું નથી.ઍની વે,આર્થિક બાબતો અમારા માટે ખાસ માયને નહીં રખતી, ક્યોંકિ મુન્નાભાઈ કે રેડિયો-ટીવી સિવાય ચણા, જીરું જેવી કૉમૉડિટીમાંય સર્કિટ આવે એ જ્ઞાન અમને માફક આવ્યું નથી.

કવિતા કરવાનો વિચાર પણ ઝબકી ગયો, પણ વરસાદી ફુદાં જેવો આ વિચાર અલ્પાયુષી નીકળ્યો. ગાંધીજી ભલે ખરાબ અક્ષરને અધૂરી કેળવણી માનતા, પણ કવિતામાં છંદ ન આવડતા હોય તો અમારા નમ્ર મતે એ પણ અધૂરી કેળવણીની નિશાની જ છે. એક વાર જાણીતા કવિ શ્રી સુરેશ દલાલને એમનાં કોઈ પ્રશંસક બહેને સારી કવિતામાં શું હોવું જોઈએ એ વિશે વિસ્તારથી સમજાવવા કહેલું.જવાબમાં સુરેશ દલાલે લાક્ષણિક શૈલીમાં કહેલું:''બહેન, મારું નામ સુરેશ દલાલ છે. તરલા દલાલ નહીં કે હું તમને કવિતાનાં ઇન્ગ્રેડિયન્ટ્સ કહી શકું.'' ખેર, સાદા વાક્યમાં ક્રિયાપદ છેલ્લે લખવાને બદલે વચ્ચે ક્યાંક ગોઠવી દેવાથી એ કવિતાની પંક્તિ કહેવાય છે. પછી તો છેલ્લાં શબ્દમાં પ્રાસ બેસાડતા જવાથી એ કવિતા બને એવી સમજ પડી... પણ છંદ અને અલંકાર તો ન આવડયા તે ન જ આવડયા.એટલે બહુજનહિતાય વિચારીને કવિતાય બાજુ પર હડસેલી.

ગંભીર પ્રકારના લેખો કે બહુ વિચારવું પડે એવું લખવાથી ભાષાભંડોળ સારું હોવાની છાપ પડે છે એટલું જ. બાકી આપણો માંહ્યલો તો આપણી ગત જાણતો જ હોય છે. જેમ જેમ સમય પસાર થતો જતો હતો, એમ એમ અમારા લેખનના વિષયો ખૂટતા જતા હતા.અચાનક પુસ્તકનો રિવ્યુ લખવાનો વિચાર આવ્યો. આફરીન આફરીન... બધાં કટિંગ્સ પાછાં યથાસ્થાને મૂકયાં. પુસ્તક શોધવાની શરૂઆત કરી. નાનું પુસ્તક લેવાથી ઓછા સમયમાં વંચાઈ જશે અને પછી એ બીજા કોઈને વાંચવા પણ આપી દેવાશે. આમ, 'વાંચે ગુજરાત' અને 'તરતાં પુસ્તક' યોજનામાં અમે પણ ફૂલ નહીં તો ફૂલની પાંદડી સમ ફાળો આપ્યો ગણાશે. દેશદાઝ હોય ત્યારે માણસ કેવાં કેવાં સાહસો કરતો હોય છે! તો આપણાથી આ એક નાનકડું કામ નહીં થઈ શકે? અમને આમ તો અભિમાન નથી હોતું, પણ આ વાતે અમને કહેવા દો કે અમે પોરસાયાં છીએ. અમારું ૫૦ ટકા જેટલું કામ તો થઈ ગયું. શું લખવું છે એ નક્કી થઈ ગયું એટલે બેડો પાર.હવે પુસ્તક મળે અને અમે લખીએ એટલે પૂરું. આપેલો સમય સચવાઈ જશે એ નક્કી.

(આ જ શીર્ષકના નવજીવન સામ્પ્રત પ્રકાશનમાંથી સાભાર)

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com